પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૪૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૪-૧૦-૨૦૨૩ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## વિશ્વ સંઘર્ષને કારણે સંકટનો સામનો કરી રહ્યું છે, તે કોઈના હિતમાં નથી,વડાપ્રધાન નરેન્દ્ર મોદી




**મોદીએ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના દ્વારકામાં નવનિર્મિત યશોભૂમિ કન્વેન્શન સેન્ટર ખાતે આયોજિત પી ૨૦ સમિટનું ઉદ્‌ઘાટન કર્યું.**

નવીદિલ્હી,

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે યશોભૂમિ કન્વેન્શન સેન્ટર ખાતે જી ૨૦ સભ્ય દેશોની સંસદોના પ્રમુખપદ (પી૨૦)ના નવમા સંમેલનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ દરમિયાન તેમણે કહ્યું કે આ સમિટ એક રીતે વિશ્વભરની વિવિધ સંસદીય પ્રથાઓનો મહાકુંભ છે. તમારા બધા પ્રતિનિધિઓ વિવિધ સંસદીય કાર્યશૈલીના અનુભવી છો. આપણા બધા માટે ખૂબ જ આનંદની વાત છે કે તમે આવા સમૃદ્ધ લોકતાંત્રિક અનુભવો સાથે ભારત આવી રહ્યા છો.

ઈઝરાયેલમાં ઉભી થયેલી કટોકટીનું નામ લીધા વિના પીએમ મોદીએ કહ્યું કે આજે દુનિયાના અલગ-અલગ ખૂણામાં જે કંઈ થઈ રહ્યું છે તેનાથી કોઈ પણ અછૂત નથી. આજે વિશ્વ સંઘર્ષને કારણે સંકટનો સામનો કરી રહ્યું છે. આ કોઈના હિતમાં નથી. વિભાજિત વિશ્વ માનવતાનો સામનો કરી રહેલા મહાન પડકારોનો ઉકેલ આપી શકતું નથી. આ શાંતિ અને ભાઈચારાનો સમય છે. સાથે મળીને આગળ વધવાનો સમય છે. આ સમય દરેકના વિકાસ અને કલ્યાણનો છે. આપણે વૈશ્વિક વિશ્વાસની કટોકટીને દૂર કરવી પડશે અને માનવ-કેન્દ્રિત વિચારસરણી પર આગળ વધવું પડશે. આપણે એક પૃથ્વી, એક કુટુંબ અને એક ભવિષ્ય સાથે વિશ્વને આગળ વધારવું જોઈએ.

પીએમ મોદીએ કહ્યું કે લગભગ ૨૦ વર્ષ પહેલા આતંકવાદીઓએ આપણી સંસદને નિશાન બનાવી હતી. તે સમયે સંસદનું સત્ર ચાલી રહ્યું હતું અને આતંકવાદીઓનો ઈરાદો સાંસદોની ધરપકડ કરીને તેમને ખતમ કરવાનો હતો. દુનિયાને એ પણ અહેસાસ થઈ રહ્યો છે કે આતંકવાદ દુનિયા માટે કેટલો મોટો પડકાર છે. જ્યાં પણ આતંકવાદ થાય છે, ગમે તે કારણોસર, કોઈપણ સ્વરૂપમાં, તે માનવતા વિરુદ્ધ છે. આવી સ્થિતિમાં આપણે બધાએ આતંકવાદને લઈને કડક થવું પડશે. આતંકવાદની વ્યાખ્યા પર સર્વસંમતિ નથી એ ખૂબ જ દુઃખદ છે. આજે પણ યુએન આની રાહ જોઈ રહ્યું છે. વિશ્વના આ વલણનો લાભ માનવતાના દુશ્મનો ઉઠાવી રહ્યા છે. વિશ્વભરના પ્રતિનિધિઓએ વિચારવું પડશે કે આપણે આતંકવાદ સામે કેવી રીતે કામ કરી શકીએ.

પીએમ મોદીએ કહ્યું, 'આવતા વર્ષે ભારતમાં ફરી એકવાર સામાન્ય ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે. આવતા વર્ષે યોજાનારી સામાન્ય ચૂંટણીઓ જોવા માટે હું પી૨૦ સમિટમાં તમારા બધા પ્રતિનિધિઓને આગોતરૂ આમંત્રણ આપું છું. ભારત ફરીથી તમારી યજમાની કરીને ખૂબ જ ખુશ થશે.

તેમણે કહ્યું કે ભારતમાં આપણે સામાન્ય ચૂંટણીને સૌથી મોટો તહેવાર માનીએ છીએ. ૧૯૪૭ માં આઝાદી પછી, ભારતમાં ૧૭ સામાન્ય ચૂંટણીઓ અને ૩૦૦ થી વધુ વિધાનસભા ચૂંટણીઓ યોજાઈ છે. ભારત માત્ર વિશ્વની સૌથી મોટી ચૂંટણીઓ જ કરાવતું નથી, પરંતુ તેમાં લોકોની ભાગીદારી પણ વધી રહી છે. દેશવાસીઓએ મારી પાર્ટીને સતત બીજી વખત વિજયી બનાવ્યો છે. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી માનવ ઈતિહાસની સૌથી મોટી માનવીય કવાયત હતી. જેમાં ૬૦ કરોડ મતદારોએ ભાગ લીધો હતો. ત્યારે ભારતમાં ૯૧ કરોડ નોંધાયેલા મતદારો હતા, જે સમગ્ર યુરોપની કુલ વસ્તી કરતા વધુ છે. આ દર્શાવે છે કે ભારતમાં સંસદીય પ્રક્રિયાઓમાં લોકોને કેટલો વિશ્વાસ છે.અગાઉ લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ૯મી જી૨૦ પાર્લામેન્ટરી સ્પીકર્સ સમિટ (પી૨૦)માં પ્રતિનિધિઓનું સ્વાગત કર્યું હતું. આ પછી તેમણે કોન્ફરન્સ (પી ૨૦)ને સંબોધિત કરી. તેમણે કહ્યું કે તે ખૂબ જ ગર્વની વાત છે કે ભારતની અધ્યક્ષતામાં યોજાયેલી ૨૨૦ લીડર્સ સમિટમાં નવી દિલ્હી ઘોષણા સર્વસંમતિથી સ્વીકારવામાં આવી હતી. આ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના પ્રભાવશાળી નેતૃત્વ અને વૈશ્વિક વિઝનને દર્શાવે છે. તે વૈશ્વિક પડકારો પર જી ૨૦ દેશોની એકતા અને પ્રતિબદ્ધતાનો પણ પુરાવો છે.પી ૨૦ સમિટ લોકતાંત્રિક મૂલ્યોના આંતરરાષ્ટ્રીય સંકલન પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે અને વૈશ્વિક મહત્વના મુદ્દાઓ અને સમકાલીન પડકારોને સંબોધવા માટે સંસદીય પ્રયાસો વહેંચે છે. લોકશાહી એ આપણો સૌથી અમૂલ્ય વારસો છે. લોકશાહી આપણી જીવનશૈલી, આચાર, વિચારો અને વર્તનમાં છે. એક રીતે, તે આપણી સંસ્કૃતિ અને પરંપરાઓમાં સમાઈ જાય છે. વડા પ્રધાનના કાર્યાલયના જણાવ્યા અનુસાર, ભારતના જી ૨૦ અધ્યક્ષતાના વ્યાપક માળખાના ભાગરૂપે સંસદ દ્વારા સમિટનું આયોજન કરવામાં આવી રહ્યું છે.જી ૨૦ ના ભારતના પ્રમુખપદની જેમ, નવમી પી૨૦ સમિટની થીમ 'એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય માટે સંસદ' છે.ઉલ્લેખનીય છે કે ગુરુવારે પી ૨૦ સમિટ શરૂ થઈ ગઈ છે. પરંતુ મુખ્ય કાર્યક્રમ આજે એટલે કે ૧૩મી ઓક્ટોબર અને ૧૪મી ઓક્ટોબરે છે. કોન્ફરન્સના પ્રથમ દિવસે પાર્લામેન્ટરી ફોરમ ઓન લાઈફની થીમ પર અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ.

## કેન્દ્રએ 'મની બિલ'ના કેસને પ્રાથમિકતા આપવાની માંગનો સુપ્રીમ કોર્ટમાં વિરોધ કર્યો

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં 'મની બિલ' સંબંધી અરજીઓની સુનાવણીને પ્રાથમિકતા આપવાની માંગનો વિરોધ કર્યો છે. કેન્દ્રએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, રાજકીય અનિવાર્યતાને આધારે કેસની સુનાવણીની પ્રાથમિકતા નક્કી કરી શકાય નહીં. અરજીમાં આધાર એક્ટને મની બિલ તરીકે પસાર કરવાની કાયદેસરતાનો મામલો સામેલ છે.

કેન્દ્ર સરકાર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટની બેન્ચને 'મની બિલ' અંગેની અરજીઓને સુનાવણીમાં પ્રાથમિકતા નહીં આપવા જણાવ્યું હતું.

જ્યારે કપિલે આવા કેસની વહેલી સુનાવણીની માંગ કરી હતી. મહેતાએ જણાવ્યું હતું કે, અરજીઓની સુનાવણીને રાજકીય અનિવાર્યતાના આધારે પ્રાથમિકતા આપી શકાય નહીં. જોકે, તેમણે કહ્યું હતું કે, કેસની સુનાવણીનો વિવેકાધિકાર કોર્ટનો છે. મની બિલ અંગેની અરજીઓ પર સુનાવણીની તારીખ અને કાર્યક્રમ નિર્ધારિત કરવાનો સમય આવ્યો ત્યારે તુષાર મહેતાએ કોર્ટમાં તેને પ્રાથમિકતા નહીં આપવાની દલીલ કરી હતી.

એક અરજદાર વતી વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે જણાવ્યું હતું કે, 'આ જીવંત મુદ્દો છે અને એટલે તેને સુનાવણીમાં પ્રાથમિકતા આપવી જોઈએ.' સિબ્બલના આગ્રહને પગલે સુપ્રીમના ચીફ જસ્ટિસ ડી વાય ચંદ્રચુડે જણાવ્યું કે તે આ કેસને થોડી પ્રાથમિકતા આપશે ત્યારે કેન્દ્ર તરફથી હાજર સોલિસિટર જનરલ તુષાર મહેતાએ તેનો વિરોધ કર્યો હતો. મહેતાની દલીલને પગલે ચંદ્રચુડે જણાવ્યું હતું કે, 'નિર્ણય અમારી પર છોડી દો.' અગાઉ કોર્ટે ૭ ઓક્ટોબરે જણાવ્યું હતું કે, તે આધાર એક્ટને મની બિલ તરીકે પસાર કરવાની કાયદેસરતાના મુદ્દા પર વિચાર કરવા સાત જજની બેન્ચનું ગઠન કરશે. મની બિલનો મુદ્દો આધાર એક્ટ અને પીએમએલએના સંદર્ભે પણ ઊભો થયો હતો.

## એક જ સપ્તાહમાં સિંગતેલના ભાવમાં ૩૪૦ રૂપિયાનો ઘટાડો, ફરી રૂ. ૨૦ ઘટ્યાં

અમદાવાદ,

રાજ્યમાં કુદકેને ભૂસકે વધી રહેલ કાળઝાળ મોંઘવારી વચ્ચે એક રાહતના સમાચાર આવ્યા છે. ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી ખાદ્યતેલનાં ભાવ આસમાને આંબી રહ્યા છે, જેને કારણે ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે. ત્યારે રાજ્યમાં ગૃહિણીઓ માટે રાહતના સમાચાર આવ્યા છે. નવરાત્રી અને દિવાળીના તહેવાર પહેલા સિંગતેલના ડબ્બાના ભાવમાં ઘટાડો થયો છે.

આજે ફરી સિંગતેલના ભાવમાં રૂ. ૨૦નો ઘટાડો થયો છે. એક સપ્તાહમાં સિંગતેલના ડબ્બાના ભાવમાં રૂ.૩૪૦નો ઘટડો થયો છે. મગફળીની આવક થતાં સતત તેલના ભાવ ઉતરી રહ્યા છે. સિંગતેલના ડબ્બાના ભાવ રૂ.૨૯૧૦ થયા છે.

રાજ્યમાં થોડા સમય પહેલા સિંગતેલના ડબ્બાનો ભાવ રૂ.૩૦૦૦ને પાર કરી ગયો હતો, જેના કારણે ગૃહિણીઓમાં દેકારો બોલાઈ ગયો હતો. સિંગતેલના ભાવમાં સતત વધારો થતો હતો, જેને લઈ મધ્યમ અને ગરીબ વર્ગના લોકોનું બજેટ ખોરવાઈ ગયું હતું. પરંતુ છેલ્લા એક સપ્તાહથી ભાવમાં ઘટાડો થતાં લોકોને થોડી રાહત મળી છે.

અનાજ-કરિયાણાના વેપારીઓના જણાવ્યા અનુસાર, મગફળીની આવક વધતાની સાથે જ ભાવમાં ઘટાડો થય છે. જે રીતે ભાવ ઘટી રહ્યા છે તે જોતા તહેવારમાં સસ્તુ સિંગતેલ લોકોને મળી તેવી સ્થિતિ જોવા મળી રહી છે. બુધવારે સિંગતેલના ડબ્બાનો ભાવ રૂ.૨૯૩૦ હતો, તેમાં રૂ.૨૦ ઘટાડો થતાં હવે ભાવ રૂ.૨૯૧૦એ પહોંચ્યા છે. એક અઠવાડિયામાં જ સિંગતેલના ભાવમાં રૂ.૩૪૦નો ઘટાડો થયો છે.

## ઈઝરાયલ-હમાસના ભયંકર યુદ્ધ વચ્ચે ૨૧૨ ભારતીયોની વતન વાપસી

નવીદિલ્હી,

ભારત સરકારે ઈઝરાયલમાં ફસાયેલા ભારતીયોને બહાર કાઢવા માટે 'ઓપરેશન અજય' શરૂ કર્યું છે. ઈઝરાયલના તેલ અવીવ એરપોર્ટ પરથી ૨૧૨ ભારતીયોને લઈને પ્રથમ ચાર્ટર ફ્લાઈટ શુક્રવારે સવારે ભારત પહોંચી હતી. વિદેશ મંત્રાલયે કહ્યું કે અત્યારે અમારી પ્રાથમિકતા માત્ર એવા ભારતીયોને સુરક્ષિત રીતે પરત લાવવાની છે જેઓ પાછા ફરવા માગે છે. જેમ જેમ પરત ફરવા માટેની વિનંતીઓ મળતી રહે છે, ફ્લાઈટ તે મુજબ નક્કી કરવામાં આવશે. હાલમાં આ કામગીરીમાં ચાર્ટર પ્લેનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, પરંતુ તમામ વિકલ્પો ખુલ્લા છે. જરૂર પડ્યે ભારતીય વાયુસેનાની મદદ મળે તેવી શક્યતા નકારી શકાતી નથી. અગાઉ પણ આવી પરિસ્થિતિઓમાં સેનાની મદદ લેવામાં આવી છે.

વિદેશ મંત્રી એસ. જયશંકરે ગુરુવારે 'ઓપરેશન અજય'ની તૈયારીઓની સમીક્ષા કરી હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે લગભગ ૧૮ હજાર ભારતીયો ઈઝરાયલમાં છે. તેઓને અપીલ કરવામાં આવે છે કે તેઓ ભારતીય દૂતાવાસમાં પોતાની નોંધણી કરાવે અને સલાહકારનું ધ્યાન રાખે. વેસ્ટ બેંક અને ગાઝાના પેલેસ્ટિનિયન પ્રદેશોમાં ભારતીય નાગરિકોની હાજરી પર વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે મારી જાણકારી મુજબ, કેટલાક ડઝન લોકો પશ્ચિમ કાંઠે છે, જ્યારે ૩-૪ લોકો ગાઝામાં છે. અત્યારે અમને ઈઝરાયલ તરફથી માત્ર લોકોને બહાર કાઢવાની અપીલ મળી છે. અત્યાર સુધી ત્યાંથી કોઈ ભારતીયના મોતના સમાચાર નથી. કેટલાક ઘાયલ છે અને હોસ્પિટલમાં છે.

ઓપરેશન અજય હેઠળ ઈઝરાયલથી ભારતમાં ખસેડવામાં આવેલા એક ભારતીય નાગરિકે જણાવ્યું હતું કે, "ઈઝરાયલમાં યુદ્ધ શરૂ થયા બાદ અમને ભારતમાંથી અમારા પરિવાર અને મિત્રોના ફોન આવવા લાગ્યા, દરેકને અમારી ચિંતા હતી. મને સુરક્ષિત રીતે ભારતમાં લાવવા બદલ, હું ભારત સરકાર અને મંત્રાલયનો આભાર માનું છું.

## ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી

અમદાવાદ,

રાજ્યમાં ધોરણ ૧૦ અને ૧૨ ની વાર્ષિક પરીક્ષાની સત્તાવાર જાહેરાત કરાઈ છે. ધોરણ-૧૦ અને ધોરણ ૧૨ ની પરીક્ષાની જાહેરાત થઈ ગઈ છે.ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ ની પરીક્ષા ૧૧મી માર્ચથી ૨૨ માર્ચ દરમિયાન યોજાશે. જોકે, ધોરણ-૧૨ પછી લેવાતા ગુજકેટની પરીક્ષા ૨ એપ્રિલના રોજ લેવાશે. આ ઉપરાંત ધોરણ ૧૦ નો સમય પરીક્ષાનો સવારનો રહેશે. તો ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનો પરીક્ષાનો સમય બપોર બાદનો રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું કે, ધોરણ-૧૦, સંસ્કૃત પ્રથમા અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, સંસ્કૃત મધ્યમાના ઉમેદવારો માર્ચ - ૨૦૨૪ની પરીક્ષા તા.૧૧/૦૩/૨૦૨૪ થી તા.૨૬/૦૩/૨૦૨૪ દરમ્યાન લેવાનાર છે. આ પરીક્ષાનો કાર્યક્રમ બોર્ડની વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે, જેન તમામ વિદ્યાર્થીઓએ, વાલીઓએ તથા શાળાના આચાર્યઓએ નોંધ લેવી.

ધોરણ ૧૨ પછીની લેવાતી ગુજકેટની પરીક્ષા બીજી એપ્રિલ ૨૦૨૪ ના રોજ લેવાશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તારીખ જાહેર કરાઈ છે. ગુજકેટમાં ચાર વિષયની પરીક્ષા લેવાશે. ભૌતિક વિજ્ઞાન , રાસાયણિક વિજ્ઞાન, જીવવિજ્ઞાન અને ગણિતની પરીક્ષા લેવાશે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ એન્જિનિયરિંગ અને પેરા મેડિકલ શાખાઓમાં જવા માટે ગુજકેટની પરીક્ષા ખૂબ જ મહત્વની છે. ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ત્રણેય ભાષામાં પરીક્ષાના પ્રશ્નપત્ર આપવામાં આવશે.

## અંધત્વના કારણે દેશમાં દર વર્ષે ૨.૨૫ લાખ કરોડનું નુકસાન..!

નવીદિલ્હી,

આંખો એ દરેક વ્યકિત માટે ખુબજ મહત્વનું અગં છે જયારે ઉમર વધતા કે અન્ય કોઈ કારણોસર આંખોને નુકસાન થાય છે ત્યારે જાણે વ્યકિતનું જીવન જ થંભી જાય છે અંધત્વના કારણે ભારતીય અર્થવ્યવસ્થાને દર વર્ષે લગભગ ૨.૨૫ લાખ કરોડ પિયાનું નુકસાન થઈ રહ્યું છે જોકે દેશમાં આરોગ્ય વ્યવસ્થામાં સુધારો કરી આંખના દર્દોને નિયંત્રિત કરી શકાય છે. તાજેતરમાં ઈન્ટરનેશનલ એજન્સી ફોર ધ પ્રિવેન્શન ઓફ બ્લાઈન્ડનેસ (આઈએપીબી) અને જોન્સ હોપકિન્સ યુનીવર્સીટીના અભ્યાસમાં આ હકીકત સામે આવી છે. આ અભ્યાસ સાથે સંકળાયેલા પ્રોફેસર કેવિન ફ્રિકે જણાવ્યું હતું કે વિશ્વમાં ૫૦ થી ૬૫ વર્ષની વયના લોકોમાં મોતિયો અને નબળી દ્રષ્ટિને કારણે થતા આર્થિક નુકસાનની ગણતરી કરવામાં આવી હતી આ યાદી માં ચીન નું નામ સૌથી ઉપર હતું નાગરિકોના અંધત્વના કારણે ચીનને દર વર્ષે લગ ભગ ૭.૯૯ લાખ કરોડ પિયાનું નુકસાન વેઠવું પડે છે જયારે અમેરિકામાં આ આંકડો માત્ર ૪.૧૬ લાખ કરોડ રૂપિયાનીની આસપાસ છે. આઈએપીબીનું મુખ્યાલય લંડનમાં છે તે ઘણા બધા વૈશ્વિક સંગઠનો સાથે જોડાયેલું છે તે અંધત્વ અને આંખો પર થતી આડ અસરના કારણો પર કામ કરી રહ્યું છે અભ્યાસ દરિમયાન જાણવા મળ્યું કે ૯૦ ટકા લોકોને જો સમયસર સારવાર મળે તો આંખોની સમસ્યાને નિવારી શકાય છે આઈએપીબીના સીઈઓ પીટર હોલેન્ડ ના જણાવ્યા પ્રમાણે આંખોની રોશની આજીવીકા માટે મહત્વની છે વ્યવસાયિક અને અંગત જીવન પર તેની ઐંડી અસર પડે છ. મહત્વનું છે કે ૧૨ ઓકટોબરે વિશ્વ દ્રષ્ટિ દિવસ મનાવવામાં આવે છે તે અંતર્ગત વિશ્વ સ્તર પર જાહેર થયેલા આકડાઓ મુજબ ભારતમાં ૭ કરોડ લોકો અને વિશ્વ માં ૧૧૦ કરોડથી વધુ લોકો આંખોની સમસ્યાથી પીડિત છે રીપોર્ટ પ્રમાણે તેમાંથી ૩૦ ટકા લોકો બેકાર છે.

## ઈઝરાયેલે ક્ષણમાં ૬૦ આતંકવાદીઓ માર્યા ગયા, હમાસના કમાન્ડરને પકડી પાડયો

તેલઅવીવ,

ઈઝરાયેલના સુરક્ષા દળો (આઈડીએફ) એ આતંકવાદી સંગઠન હમાસનો નાશ કરવામાં મોટી સફળતા મેળવી છે. શુક્રવારે ઈઝરાયેલી સેનાએ ગાઝા વિસ્તારમાં હાથ ધરાયેલા ઓપરેશનના વીડિયો ફૂટેજ જાહેર કર્યા હતા. જ્યાંથી તેણે ગાઝાપટ્ટી બોર્ડર પાસે સ્થિત આતંકવાદી કેમ્પનો નાશ કર્યો અને તેના કેટલાક ડઝન બંધકોને સુરક્ષિત રીતે મુક્ત કર્યા.આઈડીએફની દેખરેખ હેઠળ કામગીરી હાથ ધરતા સ્પેશિયલ શાયતા ફ્લીટ યુનિટે સુફા ચેકપોઈન્ટ પર હુમલો કર્યો, ઝડપી હુમલો કર્યો અને થોડી જ ક્ષણોમાં ૬૦ હમાસ આતંકવાદીઓને મારી નાખ્યા, તેમને તેમના મોતને ભેટ્યા.

આ કાર્યવાહીનો એક વીડિયો સોશિયલ મીડિયા સાઈટ ઠ પર શેર કરવામાં આવ્યો છે. આ ઓપરેશન વિશે માહિતી આપતા આઈડીએફે કહ્યું, 'અમારા બહાદુર સૈનિકોએ એક સાથે અનેક મોરચે કામ કર્યું અને આ સફળતા હાંસલ કરી. આ સમય દરમિયાન, અમારું ધ્યાન કિબુત્ઝ બારી, મિત્ઝવાહ સોફા, કેફર ગાઝા, સાદ, મેફાલસિમ અને નીર ઓઝ વિસ્તારો પર હતું.

આ મિશન દરમિયાન, ત્યાં હાજર આતંકવાદીઓને ખતમ કરવાના અને ત્યાં બંધક બનાવાયેલા ઈઝરાયલી નાગરિકોને સુરક્ષિત રીતે મુક્ત કરવાના ઉદ્દેશ્ય સાથે, દળના વિશેષ એકમે આ વિસ્તારમાં આક્રમક ઓપરેશન શરૂ કર્યું અને આતંકવાદીઓને સીધો જ આડે હાથ લીધો. ઓપરેશન વિશે માહિતી આપતા **IDF**એ એક પોસ્ટમાં લખ્યું, અમારા સૈનિકોએ મોટી સફળતા મેળવી અને અજાયબીઓ કરી.તો તમે જોયું કે કેવી રીતે એક ડઝનથી વધુ સૈનિકોના આ યુનિટે તેમના લક્ષ્યને ઓળખવાનો પ્રયાસ કર્યો. ઈઝરાયલી દળના જવાનો એ ઈમારતોની અંદર જતા જોવા મળ્યા જ્યાં બંધકોને રાખવામાં આવ્યા હતા. આ દરમિયાન આ સૈનિકો હમાસની આતંકવાદી ચોકી પર ગોળીબાર કરતા અને ગ્રેનેડ ફેંકતા જોઈ શકાય છે. ઈઝરાયલી સૈનિકો બંકરની અંદર જાય છે અને બંધકોને ખાતરી આપે છે કે તેઓ પોતાનો જીવ બચાવવા અહીં આવ્યા છે. તેઓ તેમને પણ પૂછે છે કે શું તેમને તાત્કાલિક કોઈ 'પ્રથમ સારવાર'ની જરૂર છે.ઓપરેશન દરમિયાન, ૧૩મી ફ્લીટ લડવૈયાઓએ ૬૦ થી વધુ હમાસ આતંકવાદીઓને મારી નાખ્યા અને ૨૫૦ બંધકોને સુરક્ષિત રીતે મુક્ત કર્યા. "હમાસની દક્ષિણી નૌકાદળ બ્રિગેડના ડેપ્યુટી કમાન્ડર, મુહમ્મદ અબુ અલી સહિત છવીસ આતંકવાદીઓને તેમના બોરોમાંથી ખેંચીને તેમના ઘૂંટણ પર લાવવામાં આવ્યા હતા,"આઈડીએફે જણાવ્યું હતું. હવે તમામ આતંકવાદીઓ અમારી કસ્ટડીમાં છે.



# લુણાવાડા ખાતે સશક્ત કિશોરી, સુપોષિત ગુજરાત થીમ અંતર્ગત કિશોરી મેળો યોજાયો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર,
રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ વિકાસ વિભાગ દ્વારા પૂર્ણા યોજના તથા બેટી બચાવો, બેટી પઢાવો યોજના અંતર્ગત સશક્ત દીકરી, સૂપોષિત ગુજરાત થીમ આધારિત કિશોરી મેળો જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલના અદયક્ષ સ્થાને બાવન પાટીદાર સમાજઘર, લુણાવાડા ખાતે યોજાયો. આ મેળામાં શિક્ષણ, આરોગ્ય, રોજગાર, બચત, સુરક્ષા, કાનૂની સહાય સહિતના પાસાઓની સમજ અપાઈ હતી.

આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલએ જણાવ્યું હતું કે, ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા કુપોષણ નાથવા વિવિધ યોજનાઓ અમલમાં છે. બાળકીના જન્મ બાદ પહેલા રૂદનથી લઈને વયસ્ક થાય ત્યાર સુધીનું જીવન સંઘર્ષપૂર્ણ હોય છે. મહિલાઓલક્ષી યોજનાઓ બહેનોને સશકત આત્મનિર્ભર બનાવવાનું માધ્યમ છે. મહિલાહિતના કાયદાઓથી લઈને કિશોરીઓમાં આવતા શારીરિક બદલાવ, સ્વરક્ષણની સ્કીલ, જાણકારી હોવી અનિવાર્ય છે. સ્વયં જાગૃત્ત થઈને આજની નારીઓ અબળા નહીં, પણ સબળા બની છે એમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે જીલ્લા કલેકટર ભાવિન પંડ્યાએ જણાવ્યું હતું કે, કિશોરીઓને પોષણ, આરોગ્ય અને વિવિધ જીવન કૌશલ્ય વિશે શિક્ષિત કરવા માટે તેની સ્વ-યોગ્યતા વધારવા અને કિશોરીઓને સશક્ત બનાવવા કિશોરી મેળો યોજાયો છે. કિશોરીઓને ફક્ત પૂર્ણા શક્તિના પેકેટ આપવાથી જ પૂર્ણા દિવસ પૂર્ણ નથી થતો, પરંતુ આરોગ્ય અને પોષણ શિક્ષણ પણ સાથે આપવું આવશ્યક છે.

આ પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલ એ જણાવ્યું હતું કે, કિશોરીઓ તંદુરસ્ત રહી સમાજને પણ તંદુરસ્ત બનાવવામાં પોતાનો ફાળો આપી શકે છે. તંદુરસ્તી એટલે માત્ર શારીરિક તંદુરસ્તી નહિ, પણ શારીરિક, માનસિક, ભાવનાત્મક તંદુરસ્તીની સાથેનો સર્વાંગી વિકાસ છે. કિશોરી કુશળ બનો પહેલ હેઠળ કિશોરીઓ સશકત અને સુપોષિત બને એવો ઉમદા હેતુ છે, જેના પરિણામે કિશોરી જાતે જ પગભર થઇ શકશે, સ્વ-બચાવ, સ્વસુરક્ષા તેમજ સ્વસ્થ જીવનની દિશામાં વિશ્વાસપુર્વક પગલાં માંડી શકશે.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સૂપોષિત કિશોરીઓને ઈનામ વિતરણ તથા વ્હાલી દીકરીના મંજૂરી હુકમનું વિતરણ કરવામાં આવ્યું હતું અને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વિવિધ સ્ટોલ ની મુલાકાત લીધી હતી.
આ પ્રસંગે પ્રોગ્રામ ઓફિસર, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી સહિત મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગરમાં એક મકાનમાં મગર ઘૂસતા નાસભાગ મચી : વનવિભાગ અને એનિમલ હેલ્પ ચેરીટેબલ ટ્રસ્ટ ટીમને જાણ કરાતા રેસ્ક્યુ હાથ ધરાયું



મહિસાગર,
મહીસાગર જીલ્લો જાણે મગરનો મઢ બનતો હોય તેમ ઠેર ઠેર મગર દેખા દે છે. વડોદરા જીલ્લાની જેમ મહીસાગર જીલ્લામાં હવે રહેણાંક વિસ્તારોમાં મગર ઘુસી આવાની ઘટનાઓ સામે આવી રહી છે, ત્યારે આજે આવી જ વધુ એક ઘટના બની છે. જ્યાં એક મકાનમાં વિશાળ મગર ઘૂસ્યો હતો. જેને લઈ લોકોમાં નાસભાગ મચી હતી તો સ્થાનિક લોકોના ટોળા પણ ઘટના સ્થળે ઉમટ્યા હતા. સ્થાનિક દ્વારા બનાવ અંગે વન વિભાગને જાણ કરવામાં આવી હતી.

મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના સવગઢ ગામે એક ફળીયામાં આવેલ મકાનમાં વિશાલ મગર ઘુસી આવ્યો હતો જેને લઈ નાસભાગ મચી હતી. મગર મકાનમાં ઘૂસ્યો હોવાની જાણ ગામ લોકોને થતા લોકોના ટોળા ઉમટ્યા હતા. ત્યારે સ્થાનિક દ્વારા આ અંગે વનવિભાગને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ મહીસાગર જીલ્લા વનવિભાગ નાયબ વન સંરક્ષક અધિકારી, એન.વી.ચૌધરી અને રેન્જ ફોરેસ્ટ ઓફીસર, એ.એમ.બારીયાની સૂચના અનુસાર વન વિભાગના કર્મચારીઓ અને એનિમલ હેલ્પ ચેરીટેબલ ટ્રસ્ટ સંતરામપુરની ટીમને સાથે લઈ તાત્કાલિક સવગઢ ગામે પોહચી મકાનમાં ઘુસી આવેલ મગરનું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ભારે જહેમત બાદ ૮ ફૂટ જેટલા લાંબા મગરનું સફળ રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. મગરનું સફળ રીતે રેકસ્યુ કરવામાં આવતા સ્થાનિક લોકોએ પણ હાશકારો અનુભવ્યો હતો અને મગરને રેસ્ક્યુ કરી દૂર સુરક્ષિત સ્થળે છોડી મુકવામાં આવ્યો હતો.

# બાલાસીનોર ICICI બેંકના મેનેજરની હત્યામાં આરોપીની જામીન નામંજુર

સંતરામપુર,
સંતરામપુર તાલુકામાં બાલાસિનોર આઈસીઆઈસી બેંકના મેનેજર વિશાલ પાટીલની ગોળી મારીને હત્યા કરીને મેનેજરની લાશને બળીયાદેવ ઘાટી થી કડાણા જવાના રસ્તે ડાયઃપુર પાસે રોડની બાજુમાં ગટરમાં ફેંકી દઈને નાણાંની લુંટ કરી મેનેજરની ગાડીને પેટ્રોલ ઝાટીને સળગાવી દઈને પુરાવાનો નાશ કરવઃનો પ્રયાસ આરોપીએ કરેલા. આ ગુનામાં ખુટતી કડીઓ મેળવવા પોલીસ દ્વારા આરોપીના ૧૨,૦૫,૨૦૨૩ સુધીના પોલીસ રિમાન્ડ મંજૂર સંતરામપુર કોર્ટે કરેલ. આરોપીના રીમાનડનોએ સમય પુરો થતાં આગાઉ પોલીસે આરોપી હષેલપટેલને સંતરામપુર કોટેમાં રજુ કરતાને પોલીસે વધુ પોલીસ રીમાન્ડની માગણી નહીં કરાતાં આરોપી હર્ષિલ પટેલને જ્યુડીશિયલ કસ્ટડીમા લઈને જે વોરંટ ભરીને સંતરામપુર સબ જેલમાં મોકલી આપેલ છે.

આ આરોપી હષિલપટેલ પોતાને જામીન મુક્ત થવા માટે સંતરામપુરના એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસટ રાણાની કોટેમાં જામીન અરજી મુકતાં મેજીસટેટ રાણાએ ફરીયાદ પક્ષે સરકારી વકીલ ડાભીને આરોપીના વકીલની દલીલો સાંભળીને કેસનાં ગુનાની ગંભીરતાને પુરાવાઓને ધ્યાને લઈને આરોપીની જામીન અરજી નામંજૂર કરેલ હતી.

# ઐતિહાસિક માનગઢ હિલ ખાતે ભાજપ યુવા પ્રદેશ અધ્યક્ષની ઉપસ્થિતિમાં "મેરી મિટ્ટી મેરા દેશ" અંતર્ગત બાઈક રેલી યોજાઈ



સંતરામપુર,
માતૃભૂમિની સ્વતંત્રતા અને ગૌરવ માટે શહીદ થયેલા વીરોને નમન કરીને શ્રદ્ધાંજલિ આપવા તેમજ માતૃભૂમિને વંદન કરવા માટે દેશમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર દેશમાં "મારી માટી, મારો દેશ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત મહીસાગર જીલ્લામાં આવેલ માનગઢ હિલ ખાતેથી રાજ્યના ભાજપના યુવા પ્રદેશ અધ્યક્ષ પ્રશાંત કોરાટ તેમજ રાજ્યના શિક્ષણ મંત્રી ડો.કુબેર ડિંડોરની ઉપસ્થિતીમાં મહીસાગર જીલ્લા યુવા ભાજપ દ્વારા સંતરામપુર થી માનગઢ હીલ સુધી બાઈક રેલી યોજી હતી. જેમાં જીલ્લા ભાજપ પ્રમુખ દશરથ બારીયા, જીલ્લા યુવા ભાજપ પ્રમુખ તેમજ મોટી સંખ્યામાં યુવા ભાજપ ના કાર્યકરો જોડાયાં હતા. આ રેલી બાદ "મેરી મિટી મેરા દેશ" અંતર્ગત માનગઢની માટી લેવામાં આવી હતી. જે દિલ્લી ખાતે મોકલવામાં આવશે.

# મહીસાગર જીલ્લામાં સ્વચ્છતા ઝુંબેશને અસરકારક બનાવવા માટે જીલ્લા વિકાસ અધિકારીની નાગરીકોને અપીલ



મહીસાગર,
સમગ્ર ભારતમાં સ્વચ્છતા હી સેવા ઝુંબેશને સફળ બનાવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશવાસીઓને આહવાન કર્યું છે, ત્યારે રાજ્યભરમાં આગામી બે મહિના સુધી સ્વચ્છતા હી સેવા અભિયાનનું આયોજન કરવામાં આવ્યુ છે. જે અંતર્ગત મહીસાગર જીલ્લામાં પણ સ્વચ્છતા હી સેવા અભિયાનના અસરકારક અમલીકરણ માટે જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલએ જીલ્લાના નાગરીકોને અપીલ કરી છે.

જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલ એ જણાવ્યું છે કે, મહીસાગર જીલ્લામાં તા.૧૫ ઓક્ટોબરથી લઈને ૧૬ ડિસેમ્બર ૨૦૨૩ સુધી અલગ અલગ સ્થળો ખાતે સ્વચ્છતા હી સેવા અભિયાનની ઝુંબેશ હાથ ધરાશે. મહિનાના દર રવિવારે અલગ અલગ થીમ આધારિત લોકભાગીદારી સાથે ચોક્કસ સ્થળો ખાતે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરાશે. આ સમય દરમિયાન ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સરકારી કચેરીઓ ખાતે,નગરપાલીકા વિસ્તારમાં, ગ્રામ્ય પંચાયતો, આરોગ્ય કેંદ્ર,બસ સ્ટેશનો સહિતના સ્થળોએ સ્વચ્છતા હી સેવા અભિયાનની ઉજવણી કરવામાં આવશે.

# બાલાસિનોર તાલુકા કક્ષાનો વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શન બોરીડુંગરી પ્રાથમિક શાળામાં યોજાયો



બાલાસીનોર,
બાલાસિનોર તાલુકા કક્ષાનો વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શન કાર્યક્રમ તાલુકાના બોરિડુંગરી પ્રાથમિક શાળા ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં બાળ વૈજ્ઞાનિકો દ્વારા વિવિધ પ્રકારની આકર્ષણ વાડી કૃતિઓ રજૂ કરી શિક્ષકો સહિત આવેલા મહેમાનોને ચકિત કરી નાખ્યાં હતાં.

પ્રાપ્ત વિગતો અનુસાર બાલાસિનોર તાલુકા કક્ષાનો કાર્યક્રમ બોરીડુંગરી પ્રાથમિક શાળા ખાતે તાલુકાની ૧૩૨ પ્રાથમિક શાળાઓના ૧૩ કલસ્ટર પૈકી ૬૫ માર્ગદર્શક શિક્ષકો સાથે ૧૩૦ બાળકો દ્વારા વિવિધ પ્રકારની ૬૫ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જેમાં ઓર્ગેનિક ખેતીથી લઈને આજના જમાનામાં વૈજ્ઞાનિક ઢબે માનવ જીવનમાં કઠિન બાબતો હળવાશમાં કેવી રીતે ફેરવવામાં આવે તે પદ્ધતિ અનુસારના પ્રોજેકટ રજૂ કરવામાં આવ્યા હતા. જ્યારે આ કાર્યક્રમના અધ્યક્ષ બાલાસિનોરના ધારાસભ્ય માનસિંહ ચૌહાણના વરદ હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો જયારે તાલુકાની ૧૩૨ શાળાના હજારો બાળકોએ આ પ્રદર્શન નિહાળવા આવ્યા હતા. સાથે મહીસાગર પ્રાથમિક શિક્ષણ અધિકારી અવની બા મોરે દ્વારા કૃતિઓ નિહાળી બાળકોને અભિનંદન પાઠવ્યા હતા. જ્યારે આ કાર્યક્રમમાં બાલાસિનોર તાલુકા શિક્ષણ અધિકારી જે.એ પાંડોર બી.આર.સી.હિતેશભાઈ ઉપાધ્યાય રાજ્ય શિક્ષણ સંઘ હોદ્દેદાર નિમેષભાઈ સેવક સહિત તાલુકાના શિક્ષક સંઘ પ્રમુખ નટવરસિંહ સહિત સી.આર.સીઓ, શિક્ષકો અને આગેવાનો ઊપસ્થિત રહ્યા હતા.

# બાલાસિનોર રૂલર પોલીસ ૧ લાખ ૪૮ હજારનો દારૂ ઝડપ્યો


તસ્વીર : ભૌમિક પટેલ, બાલાસિનોર

બાલાસીનોર,
બાલાસિનોર રૂલર પોલીસ વાહન ચેકિંગ દરમિયાન કેડી મંદિર પાસે આવેલા રોડ પર બેરીકેટ મૂકી તપાસ કરી રહી હતી. તે સમય દરમિયાન સફેદ કલરની કાર આવતા કાર ચાલે કે ગાડી ઉભી ના રાખતા પોલીસે કારનો પીછો કરી રૂપિયા ૧,૪૮,૦૦૦ નો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો.

પોલીસ પાસેથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર બાલાસિનોર રૂલર પોલીસ વાહન ચેકિંગ દરમિયાન ઊભા રહ્યા હતા. ત્યારે વીરપુર-ધોરી ડુંગરી રોડ પરથી એક સફેદ કલરની કાર જેનો રજીસ્ટ્રેશન નંબર જી.જે.૧૬ બી.સી.૩૪૫૯ નંબરની કાર આવતા પોલીસે ઊભા રહેવા માટે ઈસારો કરતા કાર ચાલકે કાર ઊભી ના રાખતા પોલીસે કારનો પીછો કરતા કાર ચાલકે પાંડવા નજીક આવેલા ભગાબારીયા ગામની સીમમાં કાર મૂકી નાશી છૂટયો હતો. જ્યારે પોલીસે કારની તપાસ કરતા વિદેશી દારૂની ૧૧૧૬ નંગ મળી આવ્યા હતા જેની કિંમત ૧,૪૮,૧૬૪ સાથે ૪,૪૮,૧૬૪નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જ્યારે ફરાર કાર ચાલક સામે પોલીસે ગુંહોનોંધી તપાસ હાથ ધરી છે અત્રે ઉલ્લેખનીય છે કે, મોટા પ્રમાણમાં બાલાસિનોરમાં વિદેશી દારૂ કોણ મંગાવી રહ્યું છે. તેની તપાસ પણ પોલીસદ્વારા કરવામાં આવે તે જરૂરી છે.

# સ્વચ્છતા હી સેવા અભિયાનમાં સહભાગી થતાં ચારણગામ પ્રાથમિક શાળાનાં બાળકો અને શિક્ષકો



મહીસાગર,
દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વચ્છ ભારત અભિયાનમાં જનતાની દેશવ્યાપી ભાગીદારીને પ્રોત્સાહન આપવા અને બાપુના સ્વચ્છ ભારતના સ્વપનને સાકાર કરવા સ્વચ્છતા હી સેવા અભિયાનનો શુભારંભ કર્યો હતો. તેમની પ્રેરણાથી ગત ૧૫ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી યોજાયેલ સ્વચ્છતા હી સેવા અભિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં જનભાગીદારીથી વધુ બે મહિના સુધી વ્યાપકપણે આગળ ધપાવવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

મહીસાગર જીલ્લાના ચારણગામ પ્રાથમિક શાળાના બાળકો અને શિક્ષકોએ હાથ માં જાડું ઉઠાવી શાળાના આજુબાજુ વિસ્તારની સાફ સફાઈ કરી અને ગામના લોકોને સંદેશો આપ્યો કે દરેક લોકો હાથમાં જાડું ઉઠાવી રસ્તા, ગામ, શાળા, શહેર સ્વચ્છ રાખે તો મોટા ભાગની બીમારીઓ સ્વચ્છતાના કારણે દૂર થઈ જાય જેના થકી લોકો નિરોગી જીવન જીવી શકે. સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત ચારણગામ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ચિત્ર સ્પર્ધા યોજી સ્વચ્છતા ની થીમ પર વિવિધ ચિત્ર દ્વારા સ્વચ્છતા રાખવા સંદેશો પાઠવ્યો હતો.

# રાયસીંગપુરા પ્રાથમિક શાળા ખાતે B.ED.ના તાલીમાર્થીઓનો ઈન્ટરશીપ કાર્યક્રમ યોજાયો

ગોધરા,
રાયસીંગપુરા પ્રાથમિક શાળા ખાતે વિવિધ બી.એડ. કોલેજોના ચાર તાલીમાર્થીઓનો ઈન્ટરશીપ કાર્યક્રમ ભારે દબદબાભેર સંપન્ન થયો.પંચમહાલ અને આણંદની કોલેજોના વિદ્યાર્થીઓએ સતત શિક્ષણ તાલીમ લેવામાં આવી. ગોધરા તાલુકાના રાયસીંગપુરા પ્રાથમિક શાળા ખાતે તાજેતરમાં જ ક્રિશ્ચન કોલેજ ઓફ એજ્યુકેશન આણંદના તાલીમાર્થી વ્રજ જોશી, જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન આણંદના તાલીમાર્થી ધ્રુવરાજસિંહ ચૌહાણ તથા સર્વોદય કોલેજ ઓફ એજ્યુકેશન પિંગળી કાલોલના બે તાલીમાર્થીઓ સર્વ આશુતોષ સંગાડા અને સૌરવકુમાર તાવીયાડે બી.એડ. અભ્યાસના ભાગરૂપે પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાની રાયસીંગપુરા પ્રાથમિક શાળામાં ઈન્ટર્શિપ યોજવામાં આવી હતી. આ સતત શિક્ષણ પ્રકારના પ્રત્યક્ષ બાળકો સાથેની તાલીમમાં માર્ગદર્શક તરીકે ઉત્પલાબેન મહેતા અને અલ્પાબેન ચૌધરીએ પોતાની સેવાઓ આપી હતી. કાર્યક્રમમાં સદર તાલીમાર્થીઓએ ગ્રામ સંપર્ક, વાલી સંપર્ક, ગામમાં રેલી, સરઘસ, જનજાગૃતિ કાર્યક્રમ, વાલી સંમેલન, સ્વચ્છતા અભિયાન, સાક્ષરતા અભિયાન, માતૃભાષા અભિયાન જેવા કાર્યક્રમો સાથે બાળકો માટેની વિવિધ સ્પર્ધાઓ, નવી ટેકનોલોજીના ઉપયોગ માટેની રમતો, પ્રત્યક્ષ શિક્ષણ, વાનગી બનાવવાની પ્રવૃત્તિ, વિવિધ સ્થળોની મુલાકાત તથા સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેનું આયોજન કર્યુ હતું. તેમણે નિયમિત શાળામાં વિદ્યાર્થીઓને વર્ગોમાં ભણાવવાની સાથે વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ તથા શિક્ષણના અનુરૂપ શૈક્ષણિક સાધનો બનાવવાની કામગીરી પણ કરી હતી. તેમણે શાળાની વહીવટી કામગીરી તથા અન્ય શાળા સંચાલન માટેની તમામ કામગીરીનો પણ પ્રત્યક્ષ અભ્યાસ કર્યો હતો. ઈન્ટરશિપ સમાપન સમયે રંગારંગ કાર્યક્રમ યોજીને રાયસિંગપૂરા શાળા પરિવાર દ્વારા તાલીમાર્થીઓને પુષ્પગુચ્છ અને સ્મૃતિ ભેટ આપી શુભેચ્છા સાથે વિદાય આપવામાં આવી હતી. આ પ્રસંગે સદર તાલીમાર્થીઓ દ્વારા શાળાને પણ સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રાયસિંગપુરા પ્રાથમિક શાળાના આચાર્ય, શિક્ષકો અને વિદ્યાથીઓએ સંપૂર્ણ સહયોગ આપ્યો હતો. અંતે તાલીમાર્થી સર્વ વ્રજ જોશી, સૌરવ તાવિયાડ, આશુતોષ સંગાડા અને ધ્રુવરાજ ચૌહાણે શાળામાં ઈન્ટર્શીપ દરમ્યાનના પોતાના અનુભવો પ્રતિભાવ સ્વરૂપે રજૂ કર્યા હતા.

## આપની આજ.......

મેષ : આજે તમને શુભ પરિણામ મળી શકે છે. તમારી ઈચ્છા આજે પૂરી થઈ શકે છે. સંતાનો તરફથી પણ જે ચિંતાઓ રહી હતી તે આજે ઉકેલાશે તેવી અપેક્ષા છે.

વૃષભ : આજે તમને નાણાકીય લાભ થવાની સંભાવના છે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો. જો તમે નોકરી કરો છો તો આજે તમારા કામ અને અધિકારોમાં વધારો થશે.

મિથુન : આજે શારીરિક અને આર્થિક શક્તિ પ્રાપ્ત થશે. સારી ગુણવત્તાવાળા લોકો સાથે વધતા જોડાણને લીધે અધિકારીઓ તમારી તરફેણમાં રહેશે. શ્રેષ્ઠ માર્ગોથી પર્યાપ્ત આવક થશે.

કર્ક : આજે તમે સંતાન પક્ષને લઈને ચિંતિત રહેશો. બાળકની શારીરિક પીડાને કારણે તમે પરેશાન થશો. સ્થળ પરિવર્તનનો સંદર્ભ મજબૂત અને સ્થાપિત થશે. નાણાકીય લાભ થશે, પરંતુ લાભ કરતાં વધારે ખર્ચને કારણે ઉદાસ રહેશો.

સિંહ : આજે તમને ધંધામાં સતત લાભ થવાની સંભાવના રહેશે. તે જ સમયે વ્યાવસાયિક ભાગીદારો સાથે મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે. સાંજથી રાત સુધી નજીકમાં મુસાફરી થવાની સંભાવના છે.

કન્યા : આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થવાની સંભાવના રહેશે. તમને પ્રિયજનોનું ઈચ્છિત સુખ અને ટેકો મળશે. સાંજથી રાત સુધી શુભ કાર્યોમાં ભાગ લેવાનું સૌભાગ્ય મળશે. ખાવા-પીવામાં ખાસ ધ્યાન રાખવું.

તુલા : આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓને શારીરિક પીડા થઈ શકે છે. બિનજરૂરી વિવાદોથી આજે દૂર રહો. સાંજથી મોડી રાત સુધી તમને પરિવારના સભ્યો સાથે મુસાફરીનો આનંદ મળશે. શુભ ખર્ચ સાથે તમારી ખ્યાતિ વધશે.

વૃશ્ચિક : આજે તમારે સંયમનું પાલન કરવું જોઈએ. કોઈ બાબતે ભાઈ-બહેનો સાથે તણાવ થઈ શકે છે. વ્યવસાયમાં સાથીઓ સાથે સંકલનના અભાવે તમે અસ્વસ્થતા અનુભવો છો. વિરોધીઓ પણ આજે સક્રિય રહેશે, તેથી સાવધાન રહેવું. બીજા પર વધારે પડતો ભરોસો કરવાનું ટાળો.

ધનુ : આજે તમારી પ્રતિષ્ઠામાં વધારો થશે. દુશ્મનોનું મનોબળ ઘટશે. સારી લોકો સાથે મિલાપ વધશે. વેપારીઓ અને ભાગીદારો તરફથી પણ વ્યવસાયમાં સારું વાતાવરણ રહેશે.

મકર : આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમને બાળક તરફથી ચિંતા થઈ શકે છે. આ સિવાય કફના લીધે શારીરિક પીડા થવાની સંભાવના રહેશે.

કુંભ : આજે શુભ ખર્ચ અને ખ્યાતિમાં વધારો થશે. આજે તમને દરેક જગ્યાએ અને ચારેય બાજુ વિજય પ્રાપ્ત થશે. કોઈ જૂના મિત્ર સાથેની મુલાકાત આજે તમારા ચહેરા પર સ્મિત લાવશે.

મીન : આર્થિક મામલામાં તમારા માટે આજનો દિવસ ઉત્સાહજનક રહેશે. તમે ઈચ્છો તો પણ રોકાણ કરી શકો છો. દિવસ થોડો વ્યસ્ત રહેશે, તેમ છતાં તમે કાર્યથી સંતુષ્ટ થશો. ધંધામાં લાભની સ્થિતિ સારી રહેશે.




**મુનપુર જી.મહિસાગર કોલેજમાં સંસ્કૃત વિભાગ દ્વારા સંસ્કૃત સમ્ભાષણ વિષય પર ૩૦ કલાકના Add-on Courseનો પૂણોહુતિ કાર્યક્રમ યોજાયો. આચાર્ય ડો.એમ.કે.મહેતાએ સહભાગી સૌ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા. સફળતાપૂર્વક કોર્સ પૂર્ણ કરનાર ૩૭ વિદ્યાર્થીઓને આચાર્યના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા.**

## ગોધરા મજૂર અદાલત દ્વારા કામદાર વળતર ધારા ૧૯૨૩ ની કલમ ૪ ની જોગવાઈ હેઠળ

# ગુજરનારના વારસોને રૂા.૭,૯૭,૬૦૦ તથા તે રકમ ઉપર ૫૦% પેનલ્ટી તેમજ ૧૨% વ્યાજ અંતિમ સંસ્કારની રકમ ચૂકવી આપવાનો આદેશ

ગોધરા,
પંચમહાલ જીલ્લા ગોધરા ખાતે આવેલ મજુર અદાલત સમક્ષ અકસ્માત પામેલા ટ્રક ડ્રાઈવર જેઓ વર્ષોથી સામા વાળા ટ્રક માલિક જુબેદાબેન મહંમદ બીબ બંધીની ટ્રક નંબર જીજે.૬.ઝેડ.૮૧૩૫ ઉપર વર્ષોથી ડ્રાઈવર તરીકે બજાવતા અરવિંદભાઈ જેવોનો તારીખ ૧.૧.૧૫ ના રોજ ફરજ ઉપર હાજર હતા. તે સમય દરમિયાન અંકલેશ્વર નજીક વડોદરા-મુંબઈ હાઈવે ઉપર આવેલ તિરંગા હોટલ પાસે અકસ્માત થતા તેમનું અકાળે અવસાન થઈ જતા તેમના વાલી વારસ જશોદાબેન અરવિંદભાઈ પટેલિયાની વારસ પત્ની તેમજ અન્ય વારસો એ જનરલ વર્કર યુનિયનના પ્રમુખ જે.કે.વેદનો સંપર્ક કરી મજુર અદાલત ગોધરા સમક્ષ ટ્રક માલિક અને ધી ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની ગોધરા સામે વળતરનો દાવો દાખલ કરેલ એનો WC ફેટલ કેસ નંબર ૧૬/૧૫ થી દાખલ કરવામાં આવેલ જે કેસ ચાલી જતા અરજદાર તરફે જે.કે.વૈદ હાજર રહી ધારદાર દલીલો કરતા તારીખ ૪.૧૦.૨૩ના રોજ મજૂર અદાલત ગોધરા સમક્ષ કરેલ જે પડેલા પુરાવા આધારિત દલીલો દયાને લઈ પંચમહાલ જીલ્લાની મજુર અદાલતના કર્મચારી વળતર ધારા હેઠળ નિમાયેલ કમિશનર એચ.એ.મકા દ્વારા આખરી હુકમ કરતા ગુજરનાર વારસોને વળતર પેટે રૂપિયા ૭,૯૭,૬૦૦ તથા ૫૦ ટકા પેનલટીની રકમ રૂા.૩,૯૮,૮૦૦ અંતિમ ક્રિયા માટે રૂપિયા ૫૦૦૦ તેમજ ખર્ચ પેટે રૂા.૫,૦૦૦ ચૂકવવાનો સામા વાળાઓને આદેશ કરેલ છે. આદેશથી મૃતકના પરિવાર તે રકમ મળવાથી આર્થિક રાહત અનુભવી છે.

# સરકારની રેવન્યુ ગણાતી મહત્વની કચેરીઓમાં CCTV કેમેરા શોભાના ગાંઠિયા સમાન : ભુમાફિયાઓને મોકળું મેદાન

- દાહોદમાં રેવન્યુ સર્વે નંબર ૯૬૩ /૧ પૈકી ૧ અને ૯૬૩/૨ પૈકી ૧ માં કલેક્ટરના હુકમ બાદ સક્ષમ અધિકારીઓ કસૂરવારો સામે ફોજદારી ગુનો ક્યારે નોંધાવશે.?ચર્ચાતો સવાલ.
- શહેરમાં કેટલીક જમીનોમાં સક્ષમ અધિકારીની ખોટા સહી અને સિક્કાઓ દ્વારા જમીનો લેવેચનો કાળો કારોબાર.
- સરકાર તરફે વફાદાર અને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા સક્ષમ અધિકારી દ્વારા સીમાચિહ્નો રૂપ કાર્યવાહી કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી.

દાહોદ,

દાહોદના ઉકરડી રોડ ઉપર આવેલ અને હકીમી મહૌલ્લા તરીકે ઓળખાતી એ જમીનોમાં પાડવામાં આવેલા પ્લોટોના વેચાણ દસ્તાવેજો ૩ પાકા મકાનો અને કલબ હાઉસ બનાવવામાં આવ્યું છે. આ દાહોદ કસ્બાની ખાતા નં.૧૦૯૦ના રેવન્યુ સર્વે નંબર ૯૬૩/૧ પૈકી ૧ અને ૯૬૩/૨ પૈકી ૧ ની જમીન ૭૩ અઅ નિયંત્રણ સત્તા પ્રકારની હોવા છતાપણ દાહોદ તાલુકા વિકાસ અધિકારીના બોગસ બીન ખેતીના હુકમના આધારે સીટી સર્વે કચેરીમાં ૭૩એએની આદિવાસી ખેડૂતની ખેતીની જમીનની બિનખેતીમાં નોંધ પડાવી કરવામાં આવેલા ચોકાવનારા વ્યાપારો સામે દાહોદ કલેકટર ડો. હર્ષિત પી.ગોસાવી દ્વારા આ બંને વિવાદીત સર્વે નંબરોની જમીનોને જમીન મહેસૂલી કાયદાની કલમ ૭૩ એએ ના નિયંત્રણોમાં ભંગ બદલ ખાલસા કરી સરકારી પડતર તરીકે સદર દાખલ કરીને આ જમીનો ઉપર કરવામાં આવેલા અનઅધિકૃત બાંધકામોને દિન-૧૫ માં દૂર કરવાનો સખ્ત અને ઐતિહાસિક આદેશ ફરમાવતા ભૂ-માફીયાઓના વ્હાઇટ કોલર ક્રાઈમની સિન્ડિકેટમાં ભયંકર ઉત્પાત પ્રસરી જવા પામ્યો હોવાનો માહૌલ સર્જાયો છે. ત્યારે ઉપરોક્ત મામલે સરકારી દસ્તાવેજ સાથે ચેડા કરી સરકારની તિજોરીને ચૂનો ચોપડી વિશ્વાસઘાત થયો હોવાનું નરી આંખે દેખાય છે. ત્યારે કલેકટરના કરેલા હુકમના આધારે જે સક્ષમ અધિકારીની ખોટી સહી અને સિક્કા મારવામાં આવ્યા છે. તેઓ આ મામલે ફોજદારી ગુનો ક્યારે દાખલ કરાવશે..? તેવી ચર્ચાઓ દાહોદ શહેર સહીત જીલ્લાભરમાં ઉઠવા પામી છે. ત્યારે ઉપરોક્ત કૌભાંડીઓ વિરૂદ્ધ ફોજદારી ગુનો નોંધાશે કે પછી ઘીના ઠામમાં ઘી ઠરી જશે. ત્યારે આ સમગ્ર બાબતની વચ્ચે પ્રકરણમાં સંબંધિત અધિકારીઓની મુક સંમતિ તો નથી ને.? લોકમુખે ચાલતી ચર્ચાઓ મુજબ આવા તો અસંખ્ય કેશો હાલમાં મહેસુલ ખાતામાં જોવા મળી રહ્યા છે. ત્યારે દાહોદ જીલ્લામાં આવા ભ્રષ્ટાચારીઓના મનમાં કાયદો અને કાનૂન વ્યવસ્થાનો ભય ઊભો થાય તે માટે સંબંધિત વિભાગ દ્વારા સીમાચિન્હરૂપ કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માગણી જોરસોરથી ઉઠવા પામી છે.

દાહોદ જીલ્લા કલેકટર ડો.હર્ષિત પી.ગોસાવીની અદાલત સમક્ષ અરજદાર મોઈઝ મુફદલભાઈ સાથલીચાવાલા દ્વારા દાહોદ કસ્બાના ખાતા નં ૧૦૯૦ ના રે-સર્વે નં ૯૬૩/૧ પૈકી ૧ અને ૯૬૩/૨ પૈકી ૧ ની જમીનોમાં ૭૩ એએના નિયંત્રણોનો ભંગ બિનખેતી હુકમની કાયદેસરતા અને દાહોદ ડી.પી.રોડ પ્લાન ભંગ પરત્વે દાદ માનતી અપીલ દાખલ કરવામાં આવી હતી. આ વિવાદિત જમીન સંદર્ભમાં દાહોદ પ્રાંત અધિકારી દ્વારા રજૂ કરવામાં આવેલા તપાસ અહેવાલ દાહોદ તાલુકા વિકાસ અધિકારીના અભિપ્રાય અને સીટી સર્વેના રેકોર્ડની ચકાસણીઓમાં આ ૭૩ એએની વિવાદિત જમીનમાં ઇદરીશ પીટોલવાલા અને મનસુર કાગદીવાલા એ આ જમીનમાં પ્લોટો પાડીને વેચાણ દસ્તાવેજો પણ કર્યા છે. અને એમાં કેટલાક બાંધકામો પણ કર્યા છે. આ જમીન રેવન્યુ રેકર્ડની ચકાસણી કરતા ખેતીના હેડે ચાલે છે. પરંતુ દાહોદ સીટી સર્વે કચેરીમાં દાહોદ તાલુકા વિકાસ અધિકારીના ૨૦૧૮ ના બિન ખેતીના હુકમની નોધના આધારે સીટી સર્વે નંબર ૫૯૮૦ થી બિનખેતી અંગેની નોંધ સાથે પ્રોપર્ટી કાર્ડ બનાવવામાં આવ્યું હોવાના ચોકાવનારા પ્રકરણનો પર્દાફાશ થયો હતો. એમાં દાહોદ તાલુકા વિકાસ અધિકારી દ્વારા પણ બિનખેતીના હુકમ બોગસ અને ઉપજાવી કાઢેલ હોવાનું જણાવ્યું હતું. જોકે, દાહોદ કલેકટર ડો.હર્ષિત પી.ગોસાવી દ્વારા આ વિવાદિત જમીનને ખાલસા કરીને બિનઅધિકૃત બાંધકામોને દૂર કરવાના આપેલા આદેશમાં દાહોદ તાલુકા વિકાસ અધિકારીના અનઅધિકૃત બિનખેતીના હુકમના આધારે તૈયાર કરાયેલા પ્રોપર્ટી કાર્ડને રદ કરવાનો આદેશ દાહોદ સીટી સર્વે કચેરીના સુપ્રીટેન્ડનને આદેશ ફરમાવ્યો છે. ત્યારે સમગ્ર મામલે ખેતીલાયક તથા ૭૩ એએ થી નિયંત્રિત જમીનના ટાઈટલ ક્લિયરની સામાન્ય પ્રક્રિયા એ પ્રકારે હોય છે કે બંને કિસ્સામાં સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી લેવામાં આવતી હોય છે. ત્યારબાદ દસ્તાવેજની પ્રક્રિયા પૂર્ણ થતી હોય છે. પરંતુ ઉપરોક્ત કિસ્સામાં આમાંથી કોઈ સક્ષમ અધિકારીની મંજૂરી મેળવ્યા વગર ખોટા પુરાવાઓ અને અધિકારીઓની ખોટી સહી કરીને હુકમો ગેરકાયદેસર રીતે તૈયાર કરવામાં આવ્યા છે. જે હુકમો પછીથી સીટી સર્વે સુપ્રિન્ટેન્ટ સમક્ષ રજૂ કરી સીટી સર્વેમાં બારોબાર એન્ટ્રી પડાવી દેખીતી રીતે સરકારી દસ્તાવેજ સાથે ચેડા અને સરકાર સાથે વિશ્વાસઘાત કર્યો હોય તેવું નરી આંખે જોવાઈ રહ્યું છે. જેનો સ્પષ્ટ ઉલ્લેખ કલેકટર એ પણ પોતાના હુકમમાં કરેલ છે. તો આ સક્ષમ અધિકારીઓ કે જેઓની ખોટી સહી અને સિક્કા મારવામાં આવ્યા છે. તેઓ શું આ મામલે ખોટું કરનાર સામે ફોજદારી ગુનો દાખલ કરાવશે ખરા..? કે પછી ઘીના ઠામમાં ઘી ઠરી જશે. શું અધિકારીઓની આમાં મુકસંમતિ તો નથી ને.? કારણકે લોક મૂકે ચાલતી ચર્ચાઓ મુજબ આવા અસંખ્ય કેશો હાલમાં મહેસુલ ખાતામાં જોવા મળી રહ્યા છે, પરંતુ હોતા હે ચલતા હૈ નીતિ અપનાવી હજી સુધી આવા તત્વો સામે કાર્યવાહી કરવામાં ન આવતા સરકારી સિસ્ટમને ખોખલું કરનાર તેમજ સરકારની તિજોરી ને ચૂનો ચોપડી ખેતરપિંડી કરનાર ઈસમોને મોકળું મેદાન મળી રહ્યો હોય તેમ હાલના તબક્કે લાગી રહ્યો છે. પરંતુ ઈતિહાસમાં પણ ઘણા બધા ભડવીરો પેદા થયા છે. જેઓએ સડેલી સિસ્ટમમાં પડેલી ભ્રષ્ટાચારરૂપી જીવાતોને જળમૂળમાંથી ઉખેડી કાયદો અને કાનુન વ્યવસ્થાનું ભાન કરાવ્યું છે. ત્યારે આવા કોઈ સક્ષમ અધિકારી દ્વારા આવા તત્વો સામે કાર્યવાહીનું બીગુલ વગાડી સીમા ચિન્હરૂપ કાર્યવાહી હાથ ધરવામાં આવે તો મસમોટા ભોપાળા બહાર આવે અને સરકારી કચેરીઓના પટાંગણમાં દિવસ રાત અડીંગો જમાવીને બેસેલા આવા તત્વો ચોક્કસથી જેલના સલાખોની પાછળ ધકેલાઈ જાય તેમાં કોઈ બેમત નથી. અત્રે ઉલ્લેખની છે કે આમ તો સરકારની રેવન્યુ તરીકે ગણાતી મહત્વની કચેરીઓમાં સીસીટીવી કેમેરા કાર્યરત છે પરંતુ કોઈક કારણોસર અથવા ષડયંત્રરૂપી મેલા મંત્રાવટીની ભૂમિકા અદા કરનાર તત્વોના લીધે લાખો રૂપિયાના ખર્ચે ગોઠવવામાં આવેલા સીસીટીવી કેમેરા માત્રને માત્ર શોભાના ગાંઠિયા સમાન સાબિત થઈ રહ્યા છે. જો આવી મહત્વપૂર્ણ ગણાતી કચેરીઓમાં લાગેલા સીસીટીવી કેમેરા શું વ્યવસ્થિત રીતે ૨૪ કલાક રેકોર્ડિંગની સાથે ચાલુ કરવામાં આવે તો અત્રેની કચેરીઓમાં સંચાલન અને કાર્યવાહી સુપેરે થાય તેમાં પણ કોઈ બેમત નથી. ત્યારે દાહોદ જીલ્લામાં તેમજ ખાસ કરીને દાહોદ તાલુકા અને શહેરમાં ૨૦૧૬ થી ૨૦૧૮-૧૯ દરમિયાન થયેલા બિનખેતીના હુકમોની ફેર તપાસણી કરવામાં આવે તાલુકા મારફતે જે જમીનો બિનખેતી કરવામાં આવી છે તે જમીનો પ્રીમિયમ પાત્ર હોવા છતાં બારોબાર પ્રીમિયમ ઉડાવી દીધા હોવાનું મસમોટો કૌભાંડ બહાર આવવાની શક્યતાઓ નકારી શકાતી નથી. ત્યારે તાલુકા પંચાયત થકી થયેલા બિનખેતીના હુકમો અને જમીનોના કૌભાંડ પર બહાર આવવાની પ્રબળ આશંકાઓ પણ સિવાય રહી છે.

# બેંક એજન્ટ અને ડોકયુમેન્ટ વેરિફિકેશનના અનુભવ ધરાવતા વડોદરાના ઈસમે ઝાલોદના ઈસમ પાસેથી ૪ લાખની ઠગાઈ કરી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

બેંક એજન્ટ તરીકે કામ કરી ચુકેલા તથા ડોક્યુમેન્ટ વેરિફિકેશનનો અનુભવ ધરાવતા વડોદરાના ઈસમે ઝાલોદના એક ઈસમ પાસેથી ચાર લાખ કરતાની વધુ રકમની ઠગાઈ કરી સાઈબર ક્રાઈમ આચરતા ઈસમને ગણતરીના કલાકોમાં દાહોદ સાઈબર ક્રાઈમ પોલીસે ઝડપી પાડતા દાહોદ સહીત આજુબાજુના વિસ્તારની ચેન કેન પ્રકારે ડેટા મેળવી ફોન કોલ કરી ક્રાઈમ કરનારા ઈસમોમાં એક પ્રકારનો ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. પોલીસે આ ગુનામાં ઠગાઈ કરનાર મુખ્ય આરોપી તેમજ પીડીત સાથે બેંક કર્મચારી તેમજ મેનેજરનો સ્વાગ રચી પૈસા પડાવનાર બે ઈસમો તેમજ ઉપરોક્ત ભેજાબાજો સુધી ડેટા પહોંચાડનાર બેંકના એજન્ટ સામે છેતરપિંડીનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા જીલ્લાનો અર્પિતકુમાર પ્રવીણચંદ્ર પટેલ નામક ભેજાબાજ પહેલા બેંકમાં એજેન્ટ તરીકે કામ કરતો હોઈ બેંકની ડોક્યુમેન્ટ વેરીફિકેશન પદ્ધતિનો જાણકાર હોવાથી તેણે તેના અન્ય બે સાથી ભેજાબાજોની મદદથી કોટક મહિન્દ્રા, તેમજ ICICI બેંકમાં એજેન્ટ તરીકે કામ કરતા કર્મચારી પાસે લોન લેવા ઈચ્છુક અથવા લોન લેવા માટે ઈન્કવાયરી કરનાર ૧૦૦ થી વધુ ઈસમોના ડેટા મેળવી બેંક મેનેજરનો સ્વાગ રચી ફોન દ્વારા જે તે ઈસમોનો સંપર્ક કરી માત્ર ૮ મહિનાના ટૂંકા ગાળામાં એક વ્યક્તિ પાસેથી તેના બે સાથી મિત્રોની મદદથી જુદા-જુદા ટ્રાન્જેકશન મારફતે ૪.૬૭ લાખ રૂપિયા ખંખેરી લીધા હતા. જે બાદ છેતરપિંડીનો ભોગ બનેલા પીડિતે દાહોદ સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા દાહોદ એસ.પી.ડો. રાજદીપસિંહ ઝાલાના માર્ગદર્શનમાં સાઈબર ક્રાઈમ પી.આઈ. દિગ્વિજય પઢીયાર તેમજ તેમની ટીમે ગણતરીના કલાકોમાં વડોદરા મુકામે રહેતા મુખ્ય આરોપીને ઝડપી જેલભેગો કર્યો છે.

# ભરૂચ-આણંદ જીલ્લામાં ૩૫ વર્ષથી ફરાર આરોપી, LCBના સંકજામાં


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ એલસીબી પોલીસે છેલ્લા ૩૫ વર્ષથી ભરૂચ તેમજ આણંદ જીલ્લામાં ત્રણ જેટલી ઘરફોડ ચોરીમાં સામેલ તેમજ આણંદ જીલ્લામાં ધાડ ઘરફોડ તેમજ દેવગઢબારિયા સહીત કુલ ૧૧ જેટલા ધાડ ઘરફોડ ગુનાઓમાં સંડોવાયેલા ૩ આરોપીઓને ઝડપી જેલ ભેગા કર્યા છે.

દાહોદ એસપી ડોક્ટર રાજદીપસિંહ ઝાલાના માર્ગદર્શનમાં એલસીબી પોલીસની જુદી જુદી ટીમોએ અનડિટેક્ટ ગુનાઓને શોધી કાઢવા માટે અસરકારક કામગીરી કરતા મધ્યપ્રદેશના ઝાબુવા જીલ્લાના થાંદલા બાલવાસા ગામના મનસુખ ઉર્ફે મનસુખ જોખાભાઈ બદીયાભાઈ પારગીએ ભરૂચ તેમજ આણંદ જીલ્લામાં ૧૯૮૮થી ૧૯૯૬ દરમિયાન ત્રણ જેટલી ધાડ ઘરફોડ ચોરીઓમાં સંડોવાયેલો હતો અને છેલ્લા ૩૫ વર્ષથી પોલીસને હાથ તાળી આપી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો પરંતુ આ વખતે ઉપરોક્ત આરોપીની કિસ્મત ખરાબ હતી અને આ દરમિયાન દાહોદ એલસીબી પોલીસે ૧૦,૦૦૦ના ઈનામી અને ૩૫ વર્ષથી નાસતા ફરતા મનસુખ પારગીને નાના ચાકલીયા ગામ ખાતેથી ઝડપી ટેકનિકલ તેમજ હ્યુમન સોર્સના માધ્યમથી ઝડપી છેલ્લા ૩૫ વર્ષથી અનડિટેક્ટ ભરૂચ તેમજ આણંદ જીલ્લાના ત્રણ ઘરફોડ ચોરીઓના ગુનાના આરોપીને ઝડપી જેલ ભેગો કરી ભેદ ઉકેલી કાઢવામાં એલસીબી પોલીસે સફળતા સાંપડી છે.

તેવીજ રીતે એલસીબી પીઆઇ કેડી ડીંડોર સહીતની ટીમ ગરબાડા તાલુકામાં પેટ્રોલિંગમાં નીકળી હતી તે દરમિયાન લીમખેડા તાલુકાના ચીલાકોટા ગામનો કાંતિભાઈ હરસીંગભાઈ બારીયા જે આનંદ જીલ્લાના બોરસદ ગ્રામ્ય અને બોરસદ ટાઉન ભાદરણ વિરસદ ખંભાત રૂરલ તેમજ આનંદ રૂરલમાં ગત વર્ષે પાંચ જેટલી જુદી જુદી ધાડ તેમજ ઘરફોડ ચોરીમાં એક વર્ષથી નાસતા ફરતા કાંતિ હરસીંગ બારીયાને ઝડપી ગુનાનો ભેદ ઉકેલ્યો હતો. તો ત્રીજા બનાવમાં દાહોદ જીલ્લાના દેવગઢ બારીયા તેમજ આનંદ જીલ્લાના બે મળી કુલ ત્રણ જેટલા ધાડ અને ઘરફોડ ચોરીના ગુનામાં નાસતા ફરતા રાજુ લવરીયા ભાઈ પરમાર રહેવાસી ઊંડાર ધાનપુરને ક્રઈઈની ટીમે હ્યુમન તેમજ ટેક્નિકલ સોર્સના માધ્યમથી ધાનપુર તાલુકાના પાવ ગામેથી ઝડપી જેલ ભેગો કર્યો હતો.

આમ ક્રઈઈ પોલીસે લુંટ ધાડ ઘરફોડ ચોરીઓમાં સંડોવાયેલા અને લાંબા સમયથી નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે.

# જીલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી તથા ICDS વિભાગના સંયુક્ત ઉપક્રમે દાહોદ જીલ્લાના ફતેપુરા ખાતે કિશોરી મેળાનું આયોજન


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

જીલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગની કચેરી અને જીલ્લા વહીવટી તંત્રના સંયુકત ઉપક્રમે બેટી બચાવો બેટી પઢાઓ તેમજ પૂર્ણા યોજના તળે આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી પ્રસંગે ૩સશક્ત કિશોરી સુપોષિત ગુજરાત૩ થીમ આધારિત દાહોદ જીલ્લાના ફતેપુરા ખાતે કિશોરી મેળો યોજાયો હતો.

આ વેળાએ ધારાસભ્ય રમેશ કટારા એ જણાવ્યું હતું કે, કિશોરીઓને તેમના હક જેવા કે શિક્ષણ, સશક્તિકરણ, પોષણ, સ્વાસ્થ્ય અને દીકરી અને દીકરાના ભેદભાવ રહિત સમાજની સ્થાપના કરીશું.‘‘ આ પ્રતિજ્ઞા વાંચન અને સિગ્નેચર કેમ્પેઈનનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણીના ભાગરૂપે તારીખ ૧૧ થી ૧૩ ઓક્ટોબર, ૨૦૨૩ સુધી વિવિધ જગ્યાએ કિશોરી મેળાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. દરેક કિશોરીઓને સેલ્ફ ડિફેન્સની તાલીમ આપવામાં આવી તેમજ મહિલા સુરક્ષાલક્ષી યોજનાની માહિતી આપવામાં આવી.

આ મેળામાં રોજગાર કચેરી, મહિલા અને બાળ અધિકારીની કચેરી તેમજ જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા મહિલાલક્ષી યોજનાકીય માહિતી તેમજ કાનુની માહિતી માટે સ્ટોલ રાખવામાં આવેલ. આઈ.સી.ડી.એસ. કચેરી દ્વારા મીલેટસ અને પૂર્ણા શક્તિ પેકેટમાંથી તૈયાર કરવામાં આવેલ વાનગીઓની કિશોરીઓને સેવન કરાવી સ્વાસ્થયની કાળજી લેવા પ્રેરિત કરી હતી. આરોગ્ય વિભાગ દ્વારા કિશોરીઓની સ્વાસ્થય ચકાસણી કરવામાં આવી. ઉપરોકત કાર્યક્રમમાં, તાલુકા પંચાયત પ્રમુખ ભરતભાઈ પારગી, જીલ્લા પ્રોગ્રામ ઓફિસર ઈરાબેન ચૌહાણ, ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી અસારી આંગણવાડી કાર્યકર્તા બહેનો અને મોટી સંખ્યામાં કિશોરીઓ હાજર રહેલ હતી.


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા તાલુકાનાં વજેલાવ ગામમા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત Adolescent Dayની ઉજવણી કરવામાં આવી. જેમાં ૧૦ થી ૧૯ વર્ષમાં થતાં શારીરિક ફેરફાર વિશે સમજણ આપવામાં આવી તથા એનિમિયા, વ્યસન મુક્તિ અને સ્વચ્છતા વિશે આરોગ્ય શિક્ષણ પૂરૂં પાડવામાં આવ્યું તથા પિયર એજ્યુકેટરને ટી-શર્ટ, સ્કૂલ બેગ, કેપ,નોટ બુક વગેરે વસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# “મારી માટી મારો દેશ” અંતર્ગત અમૃત કળશ યાત્રા કાર્યક્રમ દાહોદ તાલુકાના બોરડી ગામે સાંસદની ઉપસ્થિતિમાં યોજયા

દાહોદ,

દાહોદ ભારતીય જનતા પાર્ટીના દ્વાર તા. ૯-૧૦-૨૦૨૩થી મારી માટી મારો દેશ અંતર્ગત દરેક ગ્રામ પંચાયત ખાતે અમૃત કળશ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગ રૂપે આજે દાહોદ તાલુકાના બોરડી ગામે હનુમાનજી મંદિરના પટાંગણમાં અમૃત કળશ રથ પહોંચ્યો હતો અને ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. ગ્રામ પંચાયતના સરપંચ, ઉપસરપંચ, જીલ્લા પંચાયત લડેલા, તાલુકા લડેલા શકિત, શકિત કેન્દ્રના સંયોજક, ગામના દરેક સમાજના વરિષ્ઠ આગેવાનો, ગામની બુથ સમિતિ પેજ સમિતિ, સંતો, મહંતો શિક્ષકો, તલાટી, અલગ અલગ ધાર્મિક સંપ્રદાયના આગેવાનો તથા ગામલોકોને સાથે રહ્યા હતા અને ગ્રામ પંચાયતમાં ઘર ઘર સંપર્ક કરી ચપટી માટી અમૃત કળશમાં ભેગી કરી હતી ધારાસભ્ય રથ લઈને ગ્રામ પંચાયતમાંથી એકઠી કરેલી માટીના કળશનું પૂજન કરી, કંકુ, ચોખા ફુલહારથી વધાવી પંચ પ્રતિજ્ઞા કે અમે ભારતને ૨૦૪૭ સુધીમાં આત્મ નિર્ભર અને વિકસિત બનાવવાના સપનાને સાકાર કરીશું. ગુલામીની માનસિકતાને ઉખાડી ફેંકીશું. અને દેશના સમૃદ્ધ વારસા પર ગર્વ કરીશું. ભારતી એકતાને સુદ્રઢ કરીશું. અને દેશની રક્ષા કરનારાઓનું સન્માન કરીશું અને નાગરિક હોવાનું કર્તવ્ય નિષ્ઠાપૂર્વક નિભાવીશું લઈ અને ધારાસભ્ય તથા રથનું સ્વાગત કરી અમૃત કળશ અને માટી ગ્રામ પ્રતિનિધિ અને લોકો દ્વારા આપી દેવાઈ હતી અને સાંસદ જસવંતસિંહ અને બચુભાઈએ માટી અમૃત કળશમા પધરાવી હતી. આ કાર્યક્રમમાં સાંસદ જસવંતસિંહ ભાભોર, રાજ્ય મંત્રી બચુભાઇ ખાબડ, ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, વિસ્તારક પ્રિયાંકભાઈ શાહ, અરવિંદાબેન તાલુકા પંચાયત પ્રમુખ, ઉપપ્રમુખ નેતભાઈ માવી, બોરડીના ગ્રામજનો તથા તાલુકા, જીલ્લાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# લીમખેડા કોર્ટનો વધુ એક સીમાચિન્હ રૂપ ચુકાદો : કોર્ટ સંકુલમાં સન્નાટો

- લીમખેડા તાલુકાના મોટીવાસવાણી ગામે અઢી વર્ષ અગાઉ સગીર વયની ભત્રીજી સાથે દુષ્કર્મ આચારવાના કેસમા કુટુંબી કાકાને આજીવન કેદની સજા ફટકારી.
- આરોપી કુટુંબી કાકાને દુષ્કર્મ તેમજ પોક્સોના ગુનામાં આજીવન કેદ તેમજ ૧૦ હજાર રૂપિયા નો દંડ, તથા પીડિતાને બે લાખ વળતર પેટે ચૂકવવા કોર્ટનો આદેશ...



લીમખેડા,

લીમખેડા તાલુકાના મોટીવાસવાણી ગામે આજથી અઢી વર્ષ અગાઉ ભાઈ જોડે કુવા પર પાણી ભરવા ગયેલી કુટુંબી કાકાએ ૧૧ વર્ષીય સગીર વયની ભત્રીજીને પાણી પીવડવાના બહાને ઘરે બોલાવી ઓઢણા વડે મોઢું બાંધી ભત્રીજી જોડે દુષ્કર્મ આચરવાના કિસમાં લીમખેડા કોર્ટે કડક વલણ રાખી ત્રીજા એડિશનલ કોર્ટનાં જજે બન્ને આરોપીને આવા ગંભીર ગુનામાં સમાજમાં ઉત્તમ દાખલો બેસાડવા હેતુસર દુષ્કર્મ તેમજ પોક્સોની જુદી જુદી કલમો હેઠળ કસૂરવાર ઠેરવી આજીવન કારાવાસની સાથે ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારી પીડિતાને વળતરરૂપે બે લાખ રૂપિયાની સહાય ચૂકવવા આદેશો કરતા કોર્ટ સંકુલમાં સન્નાટો પ્રસરી જવા પામ્યો છે.

લીમખેડા ત્રીજા એડિશનલ કોર્ટ, તેમજ સ્પેશ્યલ પોક્સો કોર્ટનાં જજ મોંહંમદ હનીફબેગ મિરઝાબેગની કોર્ટ દ્વારા અવારનવાર અપહરણ, દુષ્કર્મ, પોસ્કો, તેમજ મારામારી જેવા કેસોમાં કડક વલણ રાખી ગુના આચારનાર આરોપીઓના મનમાં કાયદો અને કાનૂન વ્યવસ્થાનું એહસાસ થાય તેમજ સમાજમાં કાયદો અને વ્યવસ્થા જળવાય તેમજ લોકોમાં ન્યાય પાલિકા તરફે પૂરતો વિશ્વાસ અકબંધ રહે તે હેતુસર અગાઉ પણ ગંભીર ગુનાઓમાં કસૂરવારોને કઢોર સજાની સાથે દંડ ફટકારવામાં કોઈ કસર છોડી નથી. આરોપીઓના મનમાં કાયદો અને કાનૂન વ્યવસ્થા શું છે. તેનો ભાન થાય તે માટે આરોપીઓને કસુરવાર ઠેરવી સજા ફટકારવાનો સિલસિલો આજે પણ યથાવત રાખ્યો છે. જેમાં આજથી અઢી વર્ષ અગાઉ તા.૨૬.૦૩.૨૦૨૧ ના રોજ મોટીવાસવાણી ગામે એક પરિવારના વડીલો મજૂરી અર્થે બહારગામ ગયા હતા અને તેઓના બાળકો ઘરે હાજર હોવાથી બન્ને ભાઈ બહેન કુવા ઉપર પાણી ભરવા ગયા હતા. આ દરમિયાન ૧૧ વર્ષીય સગીરાને તેના જ હવસખોર કુટુંબી કાકા કહેવાતા ખુમાન નારૂ કલારાએ સગીરવયની ભત્રીજી ના ઘરે પાણી પીવડાવવાના બહાને બોલાવી સગીરાના મોઢે ઓઢણું બાંધી ભત્રીજી જોડે દુષ્કર્મ આચરી કાકા ભત્રીજાના સંબંધને લજાવી દીધા હતા. જે દરમિયાન સગીરાનો ભાઈ આવી જતા ઉપરોક્ત કુટુંબી કાકાએ ભત્રીજાને લાકડીના ફટકા મારી જો આ વિશે કોઈને કહેશો તો જાનથી મારી નાખીશ તેમ કહી ધાકધમકી આપી હતી. ત્યારબાદ કુટુંબી કાકાની વાસનાનો શિકાર થયેલી સગીરાએ પોતાના ઘરે આવી વડોદરા મુકામે મજૂરી અર્થે ગયેલા માતા-પિતાને બનાવ અંગે જાણ કરતા બીજા દિવસે સગીરાના માતા પિતા ઘરે આવી ઉપરોક્ત હવસખોર કુટુંબી કાકા ખુમાન નારૂ કલારા વિરૂદ્ધ લીમખેડા પોલીસ મથકે ગુનો દાખલ કરાવ્યો હતો. જે બાદ લીમખેડા પોલીસે ઉપરોક્ત દુષ્કર્મના આરોપી ખુમાન નારૂ કલારાને ઝડપી જેલ ભેગો કર્યો હતો. ત્યારબાદ આ આ કેસ લીમખેડા ત્રીજા એડિશનલ કોર્ટ, તેમજ સ્પેશ્યલ પોક્સો કોર્ટનાં જજ મોંહંમદ હનીફબેગ મિરઝાબેગની કોર્ટમાં ચાલી જતા કોર્ટે સરકારી વકીલની ધારદાર રજૂઆતો અને ગુનાની ગંભીરતા જોતા બંને આરોપીઓને કસૂરવાર ઠેરવી આઈપીસી ની કલમ ૨૩૫ (૨),૩૭૬ (ક.ખ )ની કલમ હેઠળ આજીવન કેદ તેમજ ૧૦,૦૦૦ નો દંડ, તથા પોક્સોની કલમ ૫- અંતર્ગત આજીવન કેદ તેમજ દસ હજાર રૂપિયાનો દંડ અને જો દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદ તથા પીડિતાને વળતર પેટે બે લાખ રૂપિયા ચૂકવવાનો આદેશ કરતા સમગ્ર કોર્ટ સંકુલમાં સન્નાટો પ્રસરી જવા પામ્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.46

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# યાત્રાધામ પાવાગઢમાં નવરાત્રી પર્વ દરમિયાન શ્રધ્ધાળુઓને પુરતી સુવિધા આપવા તંત્ર સજજ

ગોધરા,

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે આગામી નવરાત્રી મહોત્સવને અનુલક્ષીને સ્થાનિક તેમજ પરપ્રાંત માંથી આવતાં દર્શનાર્થીઓને કોઈ અગવડતા ન પડે તે માટે તંત્ર દ્વારા એસ.ટી. બસ, હંગામી ખાણીપીણીના સ્ટોલ, રોપ–વે તથા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ૯૦૦ ઉપરાંત સુરક્ષા કર્મીઓને રાત–દિવસ ખડેપગે ફરજ બજવવા સાથેની સુવિધાઓ તંત્ર અને મંદિર ટ્રસ્ટએ પુરતી સુવિધાઓ સાથે સુસજજ બન્યું છે.

પંચમહાલ જીલ્લાના ગૌરવરૂપ એવા શકિતપીઠ યાત્રાધામ મહાકાળી માતાજીના મંદિર પાવાગઢ એક શ્રદધાનું કેન્દ્ર છે. રોજીંદા હજારોની સંખ્યામાં ગુજરાત સહિત આસપાસના રાજયોમાંથી મોટી સંખ્યામાં અનુયાયીઓ પહોંચે છે. સાથે સાથે અહીં વર્લ્ડ હેરીટેઝ ઉપરાંત પ્રાકૃતિક રીતે સમૃદ્ધ હોવાના નાતે પ્રવાસીઓનો પણ વિપુલ પ્રમાણમાં ધસારો રહે છે. ખાસ કરીને નવરાત્રી પર્વ દરમિયાન શ્રદ્ધાળુઓની સંખ્યા લાખોમાં વરી જાય છે. નવરાત્રી દરમિયાન શ્રદધાળુઓની આસ્થા મહાકાળી માતા પ્રત્યે સંકળાયેલી હોવાથી પરિવાર સાથે અહીં પહોંચીને ધન્યતા અનુભવતા હોય છે. ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા યાત્રાધામ પાવાગઢનો લાખોના ખર્ચે વિકાસ કરવામાં આવતાં આકર્ષણનું કેન્દ્ર બનતા મુલાકાતીઓ વધી ગયા છે. નવરાત્રી દરમિયાન દર્શનાર્થે પહોંચતા શ્રદધાળુઓની ભારે



ભીડભાડ સર્જાવવાની સાથે માંચી થી લઈને મંદિર સુધી લાંબી કતાર રહે છે. અને કલાકો સુધી દર્શનનો લાભ મળતો ન હોવાની સાથે જરૂરી સુવિધાઓના અભાવની ઉઠેલી ફરિયાદો બાદ જીલ્લા વહિવટી તંત્રને મંદિર ટ્રસ્ટના સંકલનમાં અગવડતાને દુર કરીને પુરતી સુવિધા ઉપલ્બધ કરાવવા માટે યોજાયેલી બેઠકમાં નિર્ણય કરવામાં આવે છે. વિકાસના નામે હાઈવે ઉપરના નાના–મોટા દુકાનોરૂપ દબાણો દુર કરવામાં આવ્યા છે. તેવી રીતે માંચી થી પગથીયા તરફ જતા આવેલી દુકાનો પણ સફાયો કરીને જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. પરંતુ યાત્રાળુઓને રહા–પાણી તથા ખાણીપીણીની કોઈ તકલીફ ન પડે તે માટે હંગામી ધોરણે સ્ટોલ ઉભા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સાથે સાથે પાણીની કોઈ તકલીફ ન પડે તે માટે પણ પાણીપુરવઠા દ્વારા પાણી ઉપ્લબ્ધ કરવામાં આવશે. ભારે ભીડ હોવાના કારણે ખાનગી વાહનો ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. જેના કારણે યાત્રાળુઓને સમયસર એસ.ટી.બસ ઉપ્લબ્ધ કરાવાઈને દિવસ–રાત એસ.ટી.બસો દોડવવાનું નકકી કરવાની સાથે રાઉન્ડ ધી કલોક યાંત્રિક તથા તાંત્રિક સ્ટાફ તૈનાત કરવામાં આવે છે. પાવાગઢની તળેટીથી ઉતરીને માંચી બસ સ્ટેન્ડ સુધી લેવા લઈ જશે. મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવનાર હોવાના કારણે કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી ૯૦૦ ઉપરાંત સુરક્ષાકર્મીઓને ફરજ સુપ્રત કરવામાં આવી છે. તેઓ ૨૪ કલાક ખડેપગે ફરજ બજાવીને કોઈ ધકકા મુકી ન થાય, કોઈ ગુન્હાહિત પ્રવૃતિ ન થાય તે માટે બાજ નજર રાખીને શાંતિપૂર્ણ વાતાવરણમાં દર્શનનો લાભ અપાવવામાં મદદરૂપ થશે. એટલું જ નહિ અગાઉ મોબાઈલ કવરેજની ભારે સમસ્યા સર્જાતી આથી તંત્રના સુચન અનુસાર કંપનીઓ દ્વારા ટાવર ગોઠવીને કવરેજ નેટવર્ક વ્યવસ્થિત કરવાનું ધ્યાન કેન્દ્રીત

શ્રી કાલિકા માતાજી મંદિર ટ્રસ્ટ, પાવાગઢ
સંવંત ૨૦૭૯ ના આગામી આસો નવરાત્રી નીમીતે શ્રી કાલિકા માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા - માતાજીના દર્શનનો સમય નીચે મુજબનકકી થયેલ છે.

| તારીખ | વાર | તીથી | મંદિર ખોલવા નો સમય | મંદિર બંધ કરવા સમય |
|---|---|---|---|---|
| 15-10-2023 | રવિવાર | એકમ | 4.00 A.M | 9.00 P.M |
| 16-10-2023 | સોમવાર | બીજ | 5.00 A.M | 9.00 P.M |
| 17-10-2023 | મંગળવાર | તીજ | 5.00 A.M | 9.00 P.M |
| 18-10-2023 | બુધવાર | ચોથ | 5.00 A.M | 9.00 P.M |
| 19-10-2023 | ગુરુવાર | પાંચમ | 5.00 A.M | 9.00 P.M |
| 20-10-2023 | શુક્રવાર | છઠ્ઠ | 5.00 A.M | 9.00 P.M |
| 21-10-2023 | શનિવાર | સાતમ | 5.00 A.M | 9.00 P.M |
| 22-10-2023 | રવિવાર | આઠમ | 4.00 A.M | 9.00 P.M |
| 23-10-2023 | સોમવાર | નોમ | 5.00 A.M | 9.00 P.M |
| 24-10-2023 | મંગળવાર | દસમ | 5.00 A.M | 9.00 P.M |
| 25-10-2023 | બુધવાર | અગિયારસ | 5.00 A.M | 9.00 P.M |
| 26-10-2023 | ગુરુવાર | બારસ /તેરસ | 5.00 A.M | 9.00 P.M |
| 27-10-2023 | શુક્રવાર | ચૌદસ | 5.00 A.M | 9.00 P.M |
| 28-10-2023 | શનિવાર | પૂનમ | 4.00 A.M | 9.00 P.M |

કર્યું છે. નવરાત્રી દરમિયાન પગપાળું સિવાયના યાત્રાળુઓને રોપ–વે સેવા મંદિરના દર્શન ખુલવાના એક કલાક પહેલા ચાલુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એટલે કે, મંદિર સવારે ૪–૦૦ વાગે ખુલે તો રોપ–વે સેવા ૩–૦૦ કલાકે ચાલુ થઈ જશે. એકમ, આઠમ અને પુનમના દિવસે રોપ–વે ૪–૦૦ વાગે બંધ થઈ જશે. નવરાત્રીના બાકી દિવસોમાં રોપ–વે ૫–૦૦ વાગે બંધ થઈ જશે તેમ જાણવા મળ્યું છે.

# ગોધરા ખાતે જીલ્લા પંચાયતના પ્રમુખની અધ્યક્ષતામાં કૃષિ મેળો યોજાયો

ગોધરા,

ખેડૂતોની આવક બમણી થાય,ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે તથા ખેડૂતો મિલેટ ધાન્ય પાકોનું વધુમાં વધુ વાવેતર કરે જેના અનુસંધાને સરકાર દ્વારા જન જાગૃતિ હેતુ સતત અભિયાનો ચાલી રહ્યા છે. આજે રાજયમાં ઘણા ખેડૂતો પ્રાકૃતિક ખેતીની સાથે મિલેટ ધાન્ય પાકો તરફ વળ્યા છે. લોકોમાં મિલેટ ધાન્ય પાકો અંગે જાગૃતિ વધે અને રોજીંદા જીવનમાં વપરાશ થાય તે હેતુથી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પણ વર્ષ ૨૦૨૩ને આંતરરાષ્ટ્રિય મિલેટ વર્ષ તરીકે ઘોષિત કરવામાં આવ્યું છે.

આ અભિયાનને વેગવંતુ બનાવવા માટે તથા ખેડૂતોમાં જાગૃતિ આવે તે માટે પંચમહાલ જીલ્લામાં વિવિધ તાલુકાઓમાં કૃષિ મેળાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પંચમહાલ જીલ્લાના ગોધરા સ્થિત ત્રિ–મંદિર, ભામૈયા ખાતે જીલ્લા પંચાયતના પ્રમુખ રેણુકાબેન




ડાયરાની અધ્યક્ષતામાં તાલુકા કક્ષાનો કૃષિ મેળો યોજાયો હતો. આ પ્રસંગે રંગમંચના કલાકારો દ્વારા મિલેટ ધાન્યના જન જાગૃતિ અર્થે ભવાઈ અને નાટક રજૂ કર્યું હતું. આ તકે મકાઈ સંશોધન કેન્દ્ર,ગોધરાના વૈજ્ઞાનિક દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી સાથે ખેતીમાં વધુ ઉત્પાદન કેવી રીતે લઈ શકાય તેની માહિતી આપી હતી. ગુજરાતમાં વવાતા તૃણ ધાન્ય પાકો પૈકી નાગલી એટલે કે રાગીનું સ્થાન મોખરાનું છે. ગુજરાતમાં ૧૪,૧૬૧ હેકટર જમીનમાં વવાતી આ રાગીનું વાવેતર પંચમહાલ જીલ્લામાં પણ કરવામાં આવે છે. આ કૃષિ મેળામાં જીલ્લા ખેતીવાડી અધિકારી એમ.જી. પટેલે ખેતીવાડીને લગતી સરકારની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી હતી તથા ખેડૂતોને આઈ–ખેડૂત પોર્ટલ પર અરજી કરીને લાભ લેવા જણાવ્યું હતું. મહાનુભાવોના હસ્તે જીલ્લાના લાભાર્થીઓને વિવિધ યોજનાકીય લાભો અંતર્ગત ૭ લાખ ૧૧ હજારથી વધુ રકમની કીટનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ દ્વારા ખેડૂતોને સરકારની યોજનાઓ, લાભ અને સ્વાસ્થ્ય અંગે માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.

આ કૃષિ મેળામાં જીલ્લાના વિવિધ વિભાગોના કુલ આઠ સ્ટોલ લગાવીને જન જાગૃતિ હેતુ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ તકે પંચમહાલ મદદનીશ ખેતી નિયામક એમ.કે.ડાભી દ્વારા સ્વાગત પ્રવચન જ્યારે ખેતીવાડી શાખાના અધિકારી દ્વારા આભારવિધિ રજૂ કરાઈ હતી. કૃષિ મેળામાં તાલુકા પંચાયતના પ્રમુખ, જીલ્લા અને તાલુકા પંચાયતના સભ્યઓ, તાલુકા વિકાસ અધિકારી, પૂર્વ જીલ્લા પંચાયતના પ્રમુખ સહિત ખેતીવાડી વિભાગના વિસ્તરણ અધિકારીઓ, ગ્રામ સેવક સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# ગોધરાની સોનાની લગડી સમાન પાકિસ્તાન જનારની જમીનમા યાદી/૩૦/૦૫/ સેટલમેન્ટ કમિશનરના મણાઈ હુકમ ભંગ બદલ આરંભી તપાસ

ગોધરા,

૧૯૪૭–૪૮ના પાકિસ્તાન દેશ અલગ થવાથી જે ઈસમો માર્ચ ૩૧/૧૯૪૮માં જે ગ્રાઉન્ડ પર હોય તે ઈસમની યાદી અને જાહેર નામા મુજબ તેઓની તમામ મિલકતના હકો ૧૯૫૦ના એડ્મિનિસ્ટ્રેશન ઈવેકયુ એકટ મુજબ ભારત સરકારને પ્રાપ્ત થાય છે, પરંતુ કેટલીક જમીનોમા હકીકત છુપાવેલ અને નિયમ વિરૂદ્ધના દસ્તાવેજ અને મહેસુલી નોંધો ગણતના હુકમો થી જમીન પચાવી એ પૈકી ગોધરા કસ્બાના રે.સ. નંબર ૪૩૦/૧/૧અ મા અને ૪૩૦/૨/૧મા દબાણ કરી ગેરકાયદેસર લે આઉટ પ્લાન બનાવેલ ટાઈટલ તો વિવાદી એતો છે, પરંતુ માપની સીટ અને લે આઉટ પ્લાન મુજબ વિસંગતા જણાતા જમીનના સયુકત કબ્જેદારના હિત ધરાવતા જાગરૂકત નાગરિકને લે આઉટ પ્લાનમા શંકા વ્યક્ત થતા આ કામે માર્ગ અને મકાન વિભાગમા તપાસ અરજી આપતા ચોકવનારી વિગત માર્ગ અને મકાન વિભાગે ૪૩૦/૨/૨ના બીનખેતીના હુકમની સરત નં. ૮ ભંગનો રીપોર્ટ અને ડી.આઈ.એલ આર ગોધરા એ હુકમની શરત નં–૫ નો ભંગ બદલ રીપોર્ટ મામલતદારનો રીપોર્ટ સરતભંગનો આ લે આઉટ પ્લાનમા વિસંગતા જોતા આ કામના ઈજનેર બી.એન. જેસવાલનો સંપર્ક કરતા આ ચોકવનારા લે આઉટ પ્લાન મે બનાવેલ નથી અને લે આઉટ પ્લાન રજુ કરનાર ને હુ જાણતો નથી એવો પત્ર નામદાર કલેક્ટર પંચમહાલની કોર્ટ રજુ અને આ કામે તપાસ હાથ ધરેલ છે.

ગોધરા કસ્બા ના રે.સ.નંબર ૪૩૦/૨/૨ ના લે આઉટ પ્લાન મા ઈજનેર ની નકલી સહી સીક્કા હોવાનો જાતે વડોદરા ના ઈજનેર બીપીન જેસવાલ નો લેટર પેડ પર કલેક્ટરને લેખીત રજુઆત. આ વિસંગત લે આઉટ પ્લાનમાં મંજુર કરનાર કલેક્ટર એસ.કે.લાંગા.

# પંચમહાલ જિલ્લાના ઘનોલ ગામના CRPF ફરજ બજાવતા ગોવિંદભાઈ હમીરભાઈ રાઠવા શહીદ થતાં શહીદ યાત્રા કઢાઈ

ગોધરા,

પંચમહાલ જિલ્લાના ધનોલ ગામના CRPF ફરજ બજાવતા ગોવિંદભાઈ હમીરભાઈ રાઠવા શહીદ થતા તેમના નશ્વરદેહને માદરે વતન લાવતા તેમની શહીદ યાત્રા કાઢીને તેમના અંતિમ સંસ્કાર ધનોલ મુકામે કરાયાં અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા.

પંચમહાલ જિલ્લાના ધનોલ ગામના ગોવિદભાઈ હમીરભાઈ રાઠવા જેઓ



આંધ્રપ્રદેશમાં CRPFમાં ફરજ બજાવતા હતા અને તેઓ શહીદ થતા તેઓના નશ્વરદેહને અંતિમવિધી માટે તેઓના વતન ધનોલ ખાતે લાવવામા આવ્યા હતા. ત્યારે પોલીસ બંદોબસ્ત સાથે તેઓના વતન ધનોલ ખાતે તેમના કુટુંબના માણસોએ તેઓના સમાજની રીતી રિવાજ મુજબ અંતિમવીધી માટેની ત્યારીઓ કરી હતી અને આમ તેઓની અંતિમ યાત્રા પણ કાઢવામાં આવી હતી તેમજ વીર શહીદ ગોવિંદભાઈ હમીરભાઈ રાઠવાને CRPFના જવાનોએ ગાર્ડ ઓફ ઓનર (સલામી) આપવામાં આવી હતી અને આમ વિર શહીદ ગોવિંદભાઈ હમીરભાઈ રાઠવાની સ્મશાન યાત્રામાં તેમના સમાજના સહિત અન્ય આશરે ૩૦૦૦ હજાર થી વધુ તેમની અંતિમ યાત્રામાં જોડાયા હતા અને તેઓની અંતિમવીધી યાત્રામાં પૂરતો પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો અને આમ તેઓની અંતિમ યાત્રા કાઢીને ટેવોના અંતિમ સંસ્કાર ધનોલ ખાતે કરવામાં આવ્યા હતા અને આમ આ આખું ગામ અંતિમ યાત્રામાં જોડાયું હતું.

# ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે દાંડિયા રાસના આયોજકોને CPRની તાલીમ અપાઈ



ગોધરા,

નવરાત્રી દરમિયાન ખેલૈયાઓને હૃદય રોગનો હુમલો આવે તો તેવા સમયે તાત્કાલિક સ્થળ પર જ તેમને સારવાર મળી રહે તે માટે પંચમહાલ જીલ્લા કલેકટર આશિષ કુમારના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ સજ્જ રહે તે માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવશે.

આ સાથે દાંડિયા રાસના આયોજકો પણ ઈમરજન્સી સારવારમાં મદદરૂપ બની શકે તે માટે આજ રોજ ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે મેડિકલ કોલેજના એનેસ્થેસિયા અને મેડિસન વિભાગના ઉપક્રમે નવરાત્રીમાં દાંડીયા રાસનું આયોજન કરનાર જુદા જુદા તમામ આયોજકો માટે ઈડછતાલીમનું આયોજન કરાયું હતું. દાંડીયા રાસ દરમ્યાન દાંડીયાના રસિકોને અચાનક હૃદયરોગના હુમલા સમયે દર્દીને તાત્કાલિક આપવાના થતાં CPR (CARDIO PULMONARY RESUSCITATION) આપવાની રહેશે. ગરબા આયોજકોએ પોતાની પાસે CPR માટે ટ્રાઈન્ડ પેરા મેડિકલ સ્ટાફ અને એમ્બ્યુલન્સની વ્યવસ્થા રાખવી અને કોઈપણ વ્યક્તિની તબિયત શંકાસ્પદ લાગે તો તાત્કાલિક આરામ આપવો અને ડોક્ટરની દેખરેખ નીચે સારવાર આપવી. અચાનક બેહોશ થયેલ વ્યક્તિનું ધબકારા તપાસીને તરત અસરકારક ઈડછ આપવું અને તે સાથે હોસ્પિટલમાં દાખલ કરવા ખાસ સાવચેતી રાખવી પડશે.

આ તાલીમનું આયોજન જીલ્લા વહીવટી તંત્ર, મેડિકલ કોલેજ, પંચમહાલ સિવિલ હોસ્પિટલના સી.ડી.એમ.ઓ.મોના પંડ્યા, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી મહેશ ચૌધરી સહિતના અધિકારીઓની હાજરીમાં તાલીમનું આયોજન કરાયું હતું.



સશક્ત કિશોરી સુપોષિત ગુજરાત થીમ હેઠળ હાલોલ સ્થિત વી.એમ શાહ ગુજરાતી/ઈંગ્લીશ મીડીયમ સ્કુલ ખાતે જીલ્લા મહિલા અને બાળ અધિકારી ગોધરાના માર્ગદર્શન હેઠળ કિશોરી મેળાનું આયોજન કરાયું હતું. આ મેળામાં વિવિધ વિભાગો દ્વારા મહિલાલક્ષી કાયદાઓ તથા કિશોરીઓને પગભર થવા, સલામતી, સુરક્ષા અને સશકિતકરણ, પોષણ અને આરોગ્ય શિક્ષણ, ઘરેલુ હિંસા નિવારણ અંગે માર્ગદર્શન આપવામા આવ્યું હતું.

# MG મોટર્સના શતાબ્દી મહોત્સવ નિમિત્તે હેલ્થ હાઈજેનિક ફોર વિમેન કેમ્પ યોજાયો




ઘોઘંબા,

નાલંદા વિદ્યાલય ઘોઘંબામાં MG સેવા અને સહેલી સેવાના સંયુક્ત ઉપક્રમે ગ્રામ્ય વિસ્તારની બહેનોની તંદુરસ્તીની જાગૃતિ માટે એક આયોજન કરવામાં આવ્યું. જેના અધ્યક્ષ સ્થાને સુધાકર યાદવ ડાયરેક્ટર, ઈન્ડસ્ટ્રીયલ હેલ્થ મહેમાન તરીકે, આર.એફ.ઓ.જયેશ ધુમાડિયા, પી.એસ.આઈ ઝાલા, સરપંચ નિલેશભાઈ વરિયા અને ડોક્ટર દિપીકાબેન હાજર રહ્યા હતા. આ પ્રસંગે MG મોટર્સના જનરલ મેનેજર કિરણભાઈ રાઠોડ એ જણાવ્યું હતું કે, આપના વિસ્તારમાં બહેનોને સૌથી વધુ રોજગાર આપનારી કંપની MG મોટર્સ છે. અને જ્યાં સેવાની સૌથી વધુ જરૂર છે, તેવા વિસ્તારમાં આવી સેવાકીય પ્રવૃત્તિ કરવામાં વિશેષ આનંદ આવે છે. સહેલી સેવા ટ્રસ્ટના ચેર પર્સન અને નાલંદા વિદ્યાલયના સંચાલક ભગવતીબેન જોષીએ સ્ત્રી સ્વાસ્થ્યનું મહત્વ સમજાવતા જણાવ્યું કે આપણા સમાજમાં કુટુંબના સૌ સભ્યોના આરોગ્યનું ધ્યાન રાખનાર સ્ત્રીનું સ્વાસ્થ્યનું ધ્યાન સ્ત્રીએ પોતે પણ નથી રાખીતી અને એટલે જ સહેલી ગ્રુપની જેમ MG મોટર્સ પણ આટલા અંતરિયાળ વિસ્તારમાં આવી સ્ત્રીની સશક્તિકરણની પ્રવૃત્તિઓ કરે છે. એ ખરેખર પ્રસંસનીય છે સ્ત્રી શિક્ષણ, સ્ત્રી રોજગાર, અને સ્ત્રી સ્વાસ્થ્ય આવી પ્રસંગ સ્ત્રીતરીય પરિણામ લક્ષી પ્રવૃત્તિ કરીને ખત્રૠ મોટર્સ પંચમહાલ જીલ્લા અને સ્થાનિક વિકાસમાં સુંદર કાર્ય કરી રહી છે. અંતે નેહલબેન જોશી, નિધીબેન નૈયર અને ખત્રૠ સેવા ટીમે સંયુક્ત રીતે કાર્યક્રમને સફળ બનાવનાર સૌનો આભાર માન્યો.



વેજલપુર બસ સ્ટેશન આગળ ગોધરા વડોદરા હાઈવે રોડ ઉપર કાર અને ટેલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં કાર ચાલક જેનો રજીસ્ટ્રેશન નં.GJ-05-RS-2159ના ચાલકે સ્ટેરિંગ ઉપરનો કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. ત્યારે અકસ્માત સ્થળે લોક ટોળા ઉમટી પડ્યા હતા સદનસીબે કોઈ જાણ હાની ન થતા લોકોએ રાહતની શ્વાસ લધી હતી.

# પંચમહાલ જીલ્લાના જાંબુઘોડા તાલુકાના કેવા ગામે સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ



ગોધરા,

સમગ્ર ભારતમાં સ્વચ્છતા હી સેવા ઝુંબેશને સફળ બનાવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓને આહવાન કર્યું છે. ત્યારે રાજ્યભરમાં આગામી બે મહિના સુધી સ્વચ્છતા હી સેવા અભિયાનનું આયોજન કરવામાં આવ્યુ છે. જે અંતર્ગત પંચમહાલ જીલ્લાના જાંબુઘોડા તાલુકાના કેવા ગામે આંગણવાડી અને શાળા ખાતે સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ હતી. સ્વચ્છતા હી સેવા ઝુંબેશ અંતર્ગત પંચમહાલ જીલ્લાના નાગરિકો સ્વયંભૂ સફાઈ અભિયાનમાં જોડાઈ રહ્યા છે.

પંચમહાલ જીલ્લામાં તા.૧૫ ઓકટોબરથી લઈને ૧૫ ડિસેમ્બર ૨૦૨૩ સુધી અલગ અલગ સ્થળો ખાતે સ્વચ્છતા હી સેવા અભિયાનની ઝુંબેશ હાથ ધરાશે.મહિનાના દર રવિવારે અલગ અલગ થીમ આધારિત લોકભાગીદારી સાથે ચોક્કસ સ્થળો ખાતે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરાશે.આ સમય દરમિયાન ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સરકારી કચેરીઓ ખાતે, નગરપાલીકા વિસ્તારમાં, ગ્રામ્ય પંચાયતો,આરોગ્ય કેંદ્ર, બસ સ્ટેશનો સહિતના સ્થળોએ સ્વચ્છતા હી સેવા અભિયાનની ઉજવણી કરવામાં આવશે.

# ગોધરા ખાતે બ્રહ્મયુવાનો દ્વારા બ્રહ્મસમાજ માટે ગરબાનું આયોજન કરવામાં આવ્યું



ગોધરા,

ગુજરાત આખા વિશ્વમાં તેના ગરબાના લીધે ખ્યાતિ પામ્યું છે. આજે દેશ વિદેશમાં રહેતા ગુજરાતીઓ વિદેશની ધરતીપર નવરાત્રી પર્વ આવે એટલે ગરબાનું આયોજન કરતા હોય છે અને ગુજરાતી હોવાનું ગર્વ લેતા હોય છે. ગુજરાતી દેશના અન્ય રાજ્યમાં હોય કે, સાત સમુંદર પાર હોય પણ ગરબા માટે તો ઘેલો જ હોય. હાલ કોરોનાના ૨ વર્ષના કપરા કાળ માં ગુજરાતીઓ નવરાત્રી ઉત્સવ ધામ ધૂમ થી ઉજવી શક્યા ન હતા. જેને લઈ આ વર્ષે ઠેર–ઠેર મોટા પાયે ગરબાનું આયોજન થઈ રહ્યું છે. જેમાં ગોધરા ખાતે બ્રહ્મ યુવાનોદ્વારા પણ બ્રહ્મસમાજ માટે બીફોર નવરાત્રીનું આયોજન બ્રહ્મસમાજ માટે ગોધરા ખાતે કરવામાં આવ્યું હતું. ગોધરા ખાતે આવેલ બંઝારા પાર્ટી પ્લોટ ખાતે બ્રહ્મ સમાજ ના યુવાનોદ્વારા એક ભવ્યની શુલ્ક ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં બ્રહ્મસમજના લોકો જોડાયા હતા. ગરબાની શરૂઆત માતાજીની આરતીથી કરવામાં આવી હતી. ગરબાના અંતે અલ્પાહારની મિજબાની કરી સૌ છુટા પડ્યા હતા. બ્રહ્મ સમાજના યુવાનોદ્વારા કરાયેલા આ સફળ આયોજનને સમાજના અગ્રિણીઓ બિરદાવ્યો હતો.

# ગોધરાના લીલેસરા નીલગીરીના ખેતરમાં જુગાર રમતા ૪ જુગારીયા ઝડપાયા

ગોધરા,

ગોધરા તાલુકાના લીલેસરા ગામે નીલગીરીના ખેતરમાં જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી ચાર જુગારીયાને ૧૭૪૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરાના લીલેસરા ગામે નીલગીરીના ખેતરમાં કેટલાક ઈસમો આર્થિક ફાયદા માટે જુગાર રમી રહ્યા હોય તે સ્થળે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન સિકંદર ઈશ્હાક બેલી, ઈમરાન અમીનખાન પઠાણ, સફી મોહમદ સિદ્દિક શેખ, અમીત ત્રિકમલાલ મારવાડીને ઝડપી પાડી અંગ ઝડતી અને દાવ ઉપર મુકેલ ૧૭૪૦/–રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો.